સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

WEEK 11


MARCH-2024
10-03-24 To 16-03-24

:::::: સંપાદક ::::::
મૌલિક ગોંધિયા









સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**10 MAR-2024**

- દિવસ મહિમા : 10 માર્ચ, કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળનો સ્થાપના દિવસ (CISF Raising Day) ..... 02
- 'નમો લક્ષ્મીયોજના' અને 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' યોજનાનો શુભારંભ ..... 03
- QUESTION ANSWERS ..... 05

**11 MAR-2024**

- ચેક રિપબ્લિકના સુશ્રી ક્રિસ્ટીના પિઝ્કોવાએ 'મિસ વર્લ્ડ 2023'નો ખિતાબ જીત્યો ..... 07
- કેરળએ ભારતનું પ્રથમ રાજ્ય સંચાલિત OTT પ્લેટફોર્મ 'CSpace' લોન્ચ કર્યુ ..... 08
- 96મો ઓસ્કાર એવોર્ડ 2024 ..... 08
- QUESTION ANSWERS ..... 12

**12 MAR-2024**

- દિવસ મહિમા : 12 માર્ચ, સાયબર સેન્સરશિપ વિરુદ્ધ વિશ્વ દિવસ (World Day Against Cyber Censorship) ..... 13
- ઝારખંડે ભારતની પ્રથમ વિધવા પુનર્લગ્ન પ્રોત્સાહન યોજના શરૂ કરી ..... 13
- મિશન દિવ્યસ્ત્ર - અગ્નિ 5 બેલેસ્ટિક મિસાઈલ ..... 13
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આસામના જોરહાટમાં અહોમ જનરલ લચિત બોરફૂકનની કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કર્યુ ..... 15
- પોષણ પખવાડા 2024 (Poshan Pakhwada 2024) ..... 15
- QUESTION ANSWERS ..... 17

**13 MAR-2024**

- Sea Defenders 2024 : India-US ..... 18
- હરિયાણાના નવા મુખ્યમંત્રી : શ્રી નાયબ સિંહ સૈની ..... 18
- ભારતનું 5G ફાઈટર એરક્રાફ્ટ ..... 19
- પ્રિત્ઝકર આર્કિટેક્ચર પ્રાઈઝ 2024 ..... 20
- QUESTION ANSWERS ..... 21

**14 MAR-2024**

- શ્રી કિશોર મકવાણાની રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ તરીકે નિમણૂક ..... 22
- અરૂણાચલ પ્રદેશમાં સેલા ટનલનું ઉદ્‌ઘાટન ..... 24
- સમુદ્રી સુરક્ષા બેલ્ટ 2024 (Maritime Safety belt 2024) ..... 24
- QUESTION ANSWERS ..... 26

**15 MAR-2024**

- દિવસ મહિમા : 15 માર્ચ, વિશ્વ ગ્રાહક દિન અથવા વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ, World Speech Day, વિશ્વ સંપર્ક દિવસ (World Contact Day), પોલીસ ક્રૂરતા વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ (International Day Against Police Brutality) ..... 27
- The Citizenship (Amendment) Act, 2019 (CAA) ..... 27
- મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ પુનઃનિર્માણ પ્રોજેક્ટ ..... 30
- ભારતના પ્રથમ FutureLABS કેન્દ્રનું ઉદ્‌ઘાટન ..... 31
- QUESTION ANSWERS ..... 32

**16 MAR-2024**

- વિદર્ભને પરાજય આપીને મુંબઈ વર્ષ 2023-2024ની રણજી ટ્રોફીમાં ચેમ્પિયન ..... 34
- બે નવા ચૂંટણી કમિશનરની નિમણૂક ..... 35
- SIPRI રિપોર્ટ : ભારત વિશ્વનો સૌથી મોટો હથિયારોની આયાત કરતો દેશ ..... 35
- QUESTION ANSWERS ..... 37

**ONE LINER** ..... 38

**QUESTION OF THIS WEEK** ..... 43


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 10 માર્ચ, કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળનો સ્થાપના દિવસ (CISF Raising Day)

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળનો સ્થાપના દિવસ (CISF Raising Day)ની ઉજવણી દર વર્ષે 10 માર્ચના રોજ ઉજવવામાં આવે છે.

- તેની સ્થાપના 10 માર્ચ, 1969ના રોજ કરવામાં આવી હતી.

### CISF

CISFનું પૂરું નામ 'સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ' છે.

- CISF એ ગૃહ મંત્રાલય હેઠળની વિશેષ ભારતીય સંઘીય પોલીસ સંસ્થા છે.
- તેની સ્થાપના વર્ષ 1969માં કરવામાં આવી હતી.
- તે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાંનું એક છે જે મુખ્ય રાષ્ટ્રીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું રક્ષણ કરે છે.
- CISF સમગ્ર ભારતમાં 356 થી વધુ ઔદ્યોગિક એકમો અને સાઈટ્સને સુરક્ષા કવચ પૂરું પાડે છે.
- તેમાં પરમાણુ પાવર પ્લાન્ટ્સ, અવકાશ સંસ્થાઓ, એરપોર્ટ, પાવર પ્લાન્ટ્સ, સંવેદનશીલ સરકારી ઈમારતો અને હેરિટેજ સ્મારકોનો પણ સમાવેશ થાય છે.
- દિલ્હી મેટ્રો અને એરપોર્ટ ઉપરાંત ભારતના 13 મોટા બંદરો પણ CISFની સુરક્ષા છત્ર હેઠળ છે.
- આ ઉપરાંત તે ઔદ્યોગિક કંપનીઓ, સંસ્થાઓ અને VIPને પણ સુરક્ષા પૂરી પાડે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## 'નમો લક્ષ્મી યોજના' અને 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' યોજનાનો શુભારંભ

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં 'નમો લક્ષ્મી યોજના' અને 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના'નો શુભારંભ કરાવ્યો છે.

- રાજ્યની દિકરીઓને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવવા પ્રોત્સાહિત કરવા સાથે તેમના પોષણની ચિંતા કરીને તથા રાજ્યમાં વિજ્ઞાન પ્રવાહના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે આ બે ઐતિહાસિક યોજનાઓ શરૂ કરવામાં આવી છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ આપ્યો છે, જેને પૂર્ણ કરવાના ઉદ્દેશથી ગુજરાતના વિદ્યાર્થીઓને અમૃતકાળમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત ભવિષ્યલક્ષી શિક્ષણ મળી રહે તે હેતુથી વર્ષ 2024-25ના બજેટમાં શિક્ષણ ક્ષેત્રે વિવિધ યોજનાઓ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.
- જેમાં 'નમો લક્ષ્મી યોજના' માટે વાર્ષિક રૂ.1250 કરોડ તથા 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' માટે રૂ.400 કરોડ એમ કુલ રૂ.1650 કરોડની જોગવાઈ પણ બજેટમાં કરવામાં આવી છે.
- નોંધનીય છે કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદની જ્ઞાનદા હાઈસ્કૂલથી આ યોજનાઓનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### નમો લક્ષ્મી યોજના

#### ઉદ્દેશ્ય

પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ તમામ વિદ્યાર્થીનીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પણ સફળતાપૂર્વક પૂર્ણ કરે તથા શિક્ષણ સાથે કિશોર વયની કન્યાઓના પોષણ અને આરોગ્ય વધુ સુદૃઢ બને તે હેતુથી 'નમો લક્ષ્મી યોજના' શરૂ કરવામાં આવી છે.

- આ ઉપરાંત ધોરણ 9 થી 12માં ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં દીકરીઓને પ્રવેશની સાથે–સાથે પોષણ મળે તે હેતુથી આ યોજના શરૂ કરવામાં આવી છે.

#### મળવાપાત્ર આર્થિક સહાય

નમો લક્ષ્મી યોજના અંતર્ગત સરકારી, અનુદાનિત તેમજ ખાનગી શાળાઓમાં ધોરણ 9 થી 12નો અભ્યાસ પૂર્ણ કર્યેથી દરેક કન્યાને રૂ.50,000ની સહાય આપવામાં આવશે.

- ધોરણ 9 અને 10માં 10 મહિના સુધી માસિક રૂપિયા 500-500 પ્રતિ વર્ષ મળશે, બાકીના 10 હજાર રૂપિયા ધોરણ 10ની બોર્ડની પરીક્ષા પાસ કરવાથી મળશે.

- ધોરણ 11 અને ધોરણ 12માં 10 મહિના સુધી માસિક રૂ.750-750 પ્રતિ વર્ષ મળશે, બાકીના રૂપિયા 15,000 ધોરણ 12ની બોર્ડની પરીક્ષા પાસ કરવાથી મળશે.

### મહત્વ

આ યોજનાથી ધોરણ 9 થી 12માં દીકરીઓ વધુ સંખ્યામાં પ્રવેશ મેળવશે.

- તેમજ માધ્યમિક કક્ષાએ કન્યાઓનો ડ્રોપ આઉટ રેટ ઘટશે.
- દીકરીઓના શિક્ષણ અને પોષણમાં સહાય મળશે, જેનાથી તેમનું સશક્તિકરણ થશે.

## નમો સરસ્વતિ વિજ્ઞાન સાધના યોજના

### ઉદ્દેશ્ય

ઉચ્ચતર માધ્યમિકમાં મહત્તમ વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં શિક્ષણ મેળવવા પ્રેરિત થાય અને વિજ્ઞાન પ્રવાહનું શિક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કરે તે હેતુથી 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' યોજના શરૂ કરવામાં આવી છે.

### મળવાપાત્ર આર્થિક સહાય

ધોરણ 11 અને 12 સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને બે વર્ષમાં કુલ રૂ.25,000ની આર્થિક સહાય મળશે.

- આ અંતર્ગત ધોરણ 11 માટે વાર્ષિક રૂ.10,000 તેમજ ધોરણ 12 માટે વાર્ષિક રૂ.15,000 આપવામાં આવશે.

નોંધ : (1) ધોરણ 9-10 અને સાયન્સ, આર્ટ્સ, કોમર્સના ધોરણ 11-12માં અભ્યાસ કરતી દીકરીઓને 'નમો લક્ષ્મી યોજના'નો લાભ મળશે.

(2) જ્યારે 11-12 સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના'નો લાભ મળશે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. કયા દિવસના રોજ 'કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (CISF) સ્થાપના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 10 માર્ચ (B) 11 માર્ચ (C) 12 માર્ચ (D) 13 માર્ચ

(A)

2. 'સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરિટી ફોર્સ' (CISF) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે ગૃહ મંત્રાલય હેઠળની વિશેષ ભારતીય સંઘીય સંસ્થા છે.
2. તેની સ્થાપના વર્ષ 1969માં કરવામાં આવી હતી.
3. તે પરમાણુ પાવર પ્લાન્ટ્સ, અવકાશ સંસ્થાઓ, એરપોર્ટ, 13 મોટા મહાબંદરો સહિત સંવેદનશીલ સરકારી ઈમારતો અને ઔદ્યોગિક એકમોની સુરક્ષા કરે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'નમો લક્ષ્મી યોજના'નો શુભારંભ કરાવ્યો હતો, આ યોજના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ધોરણ 9 થી 12માં ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં દીકરીઓને પ્રવેશની સાથે સાથે પોષણ મળે તે હેતુથી આ યોજના શરૂ કરવામાં આવી છે.
2. આ યોજના અંતર્ગત સરકારી, અનુદાનિત તેમજ ખાનગી શાળાઓમાં ધોરણ 9 થી 12નો અભ્યાસ પૂર્ણ કર્યેથી દરેક કન્યાને રૂ.50,000ની સહાય આપવામાં આવશે.
3. આ યોજના અંતર્ગત કન્યાઓને પુસ્તકો અને જરૂરી સામાન લેવા માટે અલગથી 7,000 પ્રતિ વર્ષ મળવાપાત્ર રહેશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1

(C) ફક્ત 2 (D) 1, 2 અને 3

(A)

4. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'નમો સરસ્વતિ વિજ્ઞાન સાધના યોજના'નો શુભારંભ કરાવ્યો હતો. આ યોજના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજના અંતર્ગત ધોરણ 11 અને 12 સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને બે વર્ષમાં કુલ રૂ.25,000ની આર્થિક સહાય મળશે.
2. આ યોજના અંતર્ગત ધોરણ 11 સાયન્સની વિદ્યાર્થીનીઓને એક સાયકલ મળવાપાત્ર હશે.
3. આ યોજના અંતર્ગત ધોરણ 11 અને 12 સાયન્સના બાયોલોજી (B ગ્રુપ)ના વિદ્યાર્થીને તેમના સાધનો ખરીદવા 7,250 રૂપિયા મળવાપાત્ર રહેશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 1 (D) 1, 2 અને 3 (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## ચેક રિપબ્લિકના સુશ્રી ક્રિસ્ટીના પિઝકોવાએ 'મિસ વર્લ્ડ 2023'નો ખિતાબ જીત્યો

મિસ વર્લ્ડ 2023 એ 'મિસ વર્લ્ડ સ્પર્ધા'ની 71મી આવૃત્તિ હતી.

- તે 9 માર્ચ, 2024ના રોજ ભારતના મુંબઈમાં જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાઈ હતી.
- જેમાં ચેક રિપબ્લિકના સુશ્રી ક્રિસ્ટીના પિઝકોવાએ 'મિસ વર્લ્ડ 2023'નો ખિતાબ જીત્યો છે.
- મિસ વર્લ્ડ 2021ના વિજેતા સુશ્રી કેરોલિન બિલાવ્સ્કા (પોલેન્ડ)એ સુશ્રી ક્રિસ્ટના પિઝકોવાને મિસ વર્લ્ડનો તાજ પહેરાવ્યો હતો.
- નોંધનીય છે કે વર્ષ 2022માં 2021ની સ્પર્ધામાં વિલંબના કારણે કોઈ સ્પર્ધા યોજાઈ ન હતી.
- મિસ વર્લ્ડ 2023માં ભારતનું પ્રતિનિધિત્વ સુશ્રી સિની શેટ્ટીએ કર્યું હતું, તેઓ ટોપ-8માં પ્રવેશ મેળવવામાં સફળ રહ્યા હતા.

### મિસ વર્લ્ડ

'મિસ વર્લ્ડ' સ્પર્ધા એ વિશ્વની સૌથી જૂની રનિંગ સૌંદર્ય સ્પર્ધા છે.

- શ્રી એરિક મોર્લીએ 1951માં આ સ્પર્ધાનો પ્રારંભ કર્યો હતો.
- 1951માં સૌપ્રથમ સ્વીડનની સુશ્રી કિકી હાકનસને આ સ્પર્ધા જીતી હતી.
- મિસ વર્લ્ડ સ્પર્ધાનો Motto અથવા તો આદર્શ વાક્ય 'Beauty with a Purpose' છે.
- અત્યાર સુધીમાં 6 ભારતીય યુવતીઓએ આ ટાઈટલ જીત્યું છે.




### મિસ વર્લ્ડ વિજેતા ભારતીય યુવતીઓ

| ક્રમ | વર્ષ | નામ |
|---|---|---|
| 1 | 1966 | સુશ્રી રીટા ફારિયા પોવેલ |
| 2 | 1994 | સુશ્રી એશ્વર્યા રાય |
| 3 | 1997 | સુશ્રી ડાયના હેડન |
| 4 | 1999 | સુશ્રી યુક્તા મુખી |
| 5 | 2000 | સુશ્રી પ્રિયંકા ચોપરા |
| 6 | 2017 | સુશ્રી માનુષી છિલ્લર |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) સુશ્રી રીટા ફારિયા મિસ વર્લ્ડ સ્પર્ધા જીતનાર પ્રથમ ભારતીય તથા પ્રથમ એશિયન મહિલા છે.

(2) આ ઉપરાંત સુશ્રી રીટા ફારિયા એક Physician (ચિકિત્સક) તરીકે ક્વોલીફાય કરનાર પ્રથમ મિસ વર્લ્ડ છે.

(3) સુશ્રી સિની શેટ્ટીનો જન્મ મહારાષ્ટ્રમાં થયો હતો. તેમણે ‘મિસ ઈન્ડિયા 2022’નો તાજ જીત્યો હતો.

## કેરળએ ભારતનું પ્રથમ રાજ્ય સંચાલિત OTT પ્લેટફોર્મ 'CSpace' લોન્ચ કર્યુ

7 માર્ચ, 2024ના રોજ કેરળના મુખ્યમંત્રી શ્રી પિનરાઈ વિજયને તિરુવનંતપુરમમાં 'CSpace' નામનું ભારતનું પ્રથમ રાજ્ય સંચાલિત ઓવર–ધ–ટોપ (OTT) પ્લેટફોર્મ લોન્ચ કર્યુ છે.

- કેરળ સ્ટેટ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન (KSFDC) દ્વારા સંચાલિત પ્લેટફોર્મનો ઉદ્દેશ એવોર્ડ–વિજેતા ફિલ્મો, ટૂંકી ફિલ્મો, દસ્તાવેજ અને અન્ય સામગ્રીને પ્રદર્શિત કરવાનો છે.
- જેને વ્યાપક થિયેટર રિલીઝ નથી મળી પરંતુ નોંધપાત્ર કલાત્મક અને સાંસ્કૃતિક ગુણવત્તા ધરાવે છે.
- CSpace પર સામગ્રીની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે KSFDCએ 60 પ્રતિષ્ઠિત નિષ્ણાતોની બનેલી ક્યુરેટર પેનલની નિમણૂક કરી છે.
- પ્લેટફોર્મ પર પ્રસ્તુત સામગ્રીના દરેક ભાગનું મૂલ્યાંકન ત્રણ સભ્યોની પેનલ દ્વારા કરવામાં આવશે, જેઓ નક્કી કરશે કે તે કલાત્મક રીતે સ્ક્રીનિંગ માટે યોગ્ય છે કે નહીં.

## 96મો ઓસ્કાર એવોર્ડ 2024

10 માર્ચ, 2024ના રોજ અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યના લોસ એન્જલસ ખાતેના હોલિવુડના ડોલબી થિયેટરમાં 96માં એકેડેમી એવોર્ડ્સનો વિતરણ સમારોહ યોજાયો હતો.

- આ સમારોહમાં કુલ 23 કેટેગરીમાં વિવિધ એવોર્ડ એનાયત થયા હતા.
- 96માં ઓસ્કાર એવોર્ડમાં 'Oppenheimer' ફિલ્મને સૌથી વધુ 7 એવોર્ડ એનાયત થયા હતા.
- બેસ્ટ ફિલ્મ (Best Picture)નો એવોર્ડ 'Oppenheimer' (ઓપનહેમર) ફિલ્મને મળ્યો હતો.
- બેસ્ટ ડિરેક્ટરનો એવોર્ડ શ્રી ક્રિસ્ટોફર નોલાન (Oppenheimer માટે)ને મળ્યો છે.
- બેસ્ટ એક્ટરનો એવોર્ડ શ્રી સીલિયન મર્ફીને એનાયત થયો છે.
- જ્યારે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ સુશ્રી એમ્મા સ્ટોનને ‘પુઅર થિંગ્સ’માં અભિનય માટે એનાયત થયો છે.

**નોંધ :** 96માં ઓસ્કાર એવોર્ડ માટે 'Oppenheimer' ફિલ્મને સૌથી વધુ 13 નોમિનેશન મળ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓસ્કાર એવોર્ડ 2024

| ક્રમ | એવોર્ડ | વિજેતા | ફિલ્મ/ડિરેક્ટર |
|---|---|---|---|
| 1 | બેસ્ટ ફિલ્મ | Oppenheimer | શ્રી ક્રિસ્ટોફર નોલાન |
| 2 | બેસ્ટ ડિરેક્ટર | શ્રી ક્રિસ્ટોફર નોલાન | Oppenheimer માટે |
| 3 | બેસ્ટ એક્ટર | શ્રી સિલિયન મર્ફી | Oppenheimerમાં ભૂમિકા માટે |
| 4 | બેસ્ટ એક્ટ્રેસ | સુશ્રી એમ્મા સ્ટોન | પુઅર થિંગ્સમાં અભિનય માટે |
| 5 | બેસ્ટ સપોર્ટિંગ એક્ટર | શ્રી રોબર્ટ ડાઉની જુનિયર | Oppenheimerમાં ભૂમિકા માટે |
| 6 | બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ | સુશ્રી ડા'વિન જોય રેન્ડોલ્ફ | ધ હોલ્ડોવર્સ માટે |
| 7 | બેસ્ટ ઓરિજિનલ સ્ક્રીનપ્લે | Anatomy of a Fall | – |
| 8 | બેસ્ટ એડેપ્ટેડ સ્ક્રીનપ્લે | અમેરિકન ફિક્શન | – |
| 9 | બેસ્ટ એનિમેટેડ ફિચર ફિલ્મ | ધ બોય એન્ડ ધ હેરોન | – |
| 10 | બેસ્ટ ઈન્ટરનેશનલ ફિચર ફિલ્મ | ધ ઝોન ઓફ ઈન્ટરેસ્ટ (યુનાઈટેડ કિંગ્ડમ) | – |
| 11 | બેસ્ટ ડોક્યુમેન્ટરી ફિચર ફિલ્મ | 20 Days in Mariupol | – |
| 12 | બેસ્ટ ડોક્યુમેન્ટરી શોર્ટ સબ્જેક્ટ | The Last Repair Shop | – |
| 13 | બેસ્ટ લાઈવ એક્શન શોર્ટ ફિલ્મ | The Wonderful Story of Henry Sugar | વેસ એન્ડરસન અને સ્ટીવન રેલ્સ દ્વારા સહ નિર્દેશિત |
| 14 | બેસ્ટ એનિમેટેડ શોર્ટ ફિલ્મ | War is Over ! Inspired by the Music of John and Yoko | – |
| 15 | બેસ્ટ ઓરિજિનલ સ્કોર | Oppenheimer | – |
| 16 | બેસ્ટ ઓરિજિનલ સોંગ | What was I Made for ? | – |
| 17 | બેસ્ટ સાઉન્ડ | The Zone of Interest | – |
| 18 | બેસ્ટ પ્રોડક્શન ડિઝાઈન | પુઅર થિંગ્સ | – |
| 19 | બેસ્ટ સિનેમેટોગ્રાફી | Oppenheimer | – |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| 20 | બેસ્ટ મેકઅપ અને હેરસ્ટાઈલ | પુઅર થિંગ્સ | નાદિયા સ્ટેસી, માર્ક કુલિયર અને જોશ વેસ્ટન દ્વારા |
| 21 | બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઈન | પુઅર થિંગ્સ (હોલી વેડિંગ્ટન) | – |
| 22 | બેસ્ટ ફિલ્મ એડિટિંગ | Oppenheimer | – |
| 23 | બેસ્ટ વિઝ્યુઅલ ઈફેક્ટ્સ | ગોડઝિલા માઈનસ વન | – |

**નોંધ :** (1) મલયાલમ ફિલ્મ 'એવરીવન ઈઝ અ હીરો' (2023), જેને 2024 એકેડમી એવોર્ડ્સમાં ઈન્ટરનેશનલ ફિલ્મ કેટેગરી માટે ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી હતી.

(2) Oppenheimer એ 2023ની જીવનચરિત્ર યુદ્ધ ફિલ્મ છે, જે ક્રિસ્ટોફર નોલાન દ્વારા લખાયેલ, દિગ્દર્શિત અને સહ–નિર્માણ છે. આ ફિલ્મ જે. રોબર્ટ ઓપેનહેઈમરના જીવનની આસપાસ કેન્દ્રિત છે, જે અમેરિકન સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી છે.

## ઓસ્કાર એવોર્ડ

ઓસ્કાર એવોર્ડ્સને 'એકેડમી એવોર્ડ્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- જોકે તેનું ખરું નામ 'એકેડમી એવોર્ડ ઓફ મેરીટ' છે.
- ઓસ્કાર એવોર્ડ એ ફિલ્મ ક્ષેત્રનો વિશ્વનો સર્વોચ્ચ એવોર્ડ છે.
- એકેડમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિઝ (AMPAS) દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.
- સૌપ્રથમ વખત આ એવોર્ડ 16 મે, 1929ના રોજ એનાયત થયો હતો.

## ઓસ્કાર વિજેતા ભારતીય વ્યક્તિઓ

| ક્રમ | નામ | વર્ષ | ફિલ્મ |
|---|---|---|---|
| (1) | શ્રીમતી ભાનુ અથૈયા | 1983 | ગાંધી |
| (2) | શ્રી સત્યજીત રે | 1992 | – |
| (3) | શ્રી રેસુલ પુકુટ્ટી | 2009 | સ્લમડોગ મિલિયોનર |
| (4) | શ્રી એ. આર. રહેમાન | 2009 | સ્લમડોગ મિલિયોનર |
| (5) | શ્રી ગુલઝાર | 2009 | સ્લમડોગ મિલિયોનર |
| (6) | શ્રી એમ.એમ. કીરવાણી, શ્રી ચંદ્ર બોઝ (નાટુ નાટુ સોંગ માટે) | 2023 | RRR |
| (7) | સુશ્રી કાર્તિકી ગોન્સાલ્વિસ, સુશ્રી ગુનીત મોંગા | 2023 | ધ એલિફન્ટ વ્હીસ્પરર્સ (શોર્ટ ડોક્યુમેન્ટરી ફિલ્મ) |

**નોંધ :** (1) સૌથી વધુ કુલ 26 ઓસ્કાર એવોર્ડ વોલ્ટ ડિઝનીને મળ્યા છે.
(2) જ્યોર્જ બર્નાડ શો એવી એકમાત્ર વ્યક્તિ છે કે જેઓ ઓસ્કાર અને નોબલ એમ વિશ્વકક્ષાના બન્ને એવોર્ડ જીતી ચૂક્યા હોય.

(1) **શ્રીમતી ભાનુ અથૈયા :** શ્રીમતી ભાનુ અથૈયા ઓસ્કાર એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીય વ્યક્તિ છે. તેમને ઈ.સ. 1983માં 'ગાંધી' ફિલ્મ માટે 'બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઈન'ની કેટેગરીમાં (જ્હોન મોલો સાથે) આ એવોર્ડ એનાયત થયો હતો.

(2) **શ્રી સત્યજીત રે :** બંગાળી ફિલ્મના પ્રસિદ્ધ ડાયરેક્ટર શ્રી સત્યજીત રે ને વર્ષ 1992માં એકેડમી એવોર્ડના લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

(3) **શ્રી રેસુલ પુકુટ્ટી :** તેમને વર્ષ 2009માં 'સ્લમડોગ મિલિયોનર' ફિલ્મ માટે 'બેસ્ટ સાઉન્ડ મિક્સિંગ'ની કેટેગરીમાં ઓસ્કાર એવોર્ડ એનાયત થયો હતો.

(4) **શ્રી એ. આર. રહેમાન :** શ્રી એ. આર. રહેમાન એક સાથે બે ઓસ્કાર એવોર્ડ મેળવનાર એક માત્ર ભારતીય વ્યક્તિ છે. તેમને વર્ષ 2009માં 'સ્લમડોગ મિલિયોનર' ફિલ્મ માટે 'બેસ્ટ ઓરિજનલ સોંગ' (જય હો....શ્રી ગુલઝાર સાથે) અને 'બેસ્ટ ઓરિજનલ સ્કોર'ની કેટેગરીમાં આ એવોર્ડ એનાયત થયો હતો.

(5) **શ્રી ગુલઝાર :** ગુલઝારને વર્ષ 2009માં 'સ્લમડોગ મિલિયોનર' ફિલ્મ માટે 'બેસ્ટ ઓરિજનલ સોંગ' (જય હો.... શ્રી એ. આર. રહેમાન સાથે)ની કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થયો હતો.

## ઓસ્કાર વિજેતા ભારતીય ફિલ્મ

(1) **ગાંધી :** ઓસ્કાર વિજેતા પ્રથમ ભારતીય ફિલ્મ (1983).

(2) **સ્લમડોગ મિલિયોનર :** સૌથી વધુ ત્રણ ઓસ્કાર પુરસ્કાર મેળવનાર ભારતીય ફિલ્મ (2009)

(3) **પીરિયડ. એન્ડ ઓફ સેન્ટેન્સ :** વિદેશી નિર્માતા દ્વારા ભારતમાં બનેલી ફિલ્મ (2019)

હજારો વિદ્યાર્થીઓનો વિશ્વાસ
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં 'મિસ વર્લ્ડ 2023'નો ખિતાબ કોણે જીત્યો છે ?

(A) સુશ્રી કેસોનિયા સુખીનોવા (B) સુશ્રી ક્રિસ્ટીના પિઝ્કોવા

(C) સુશ્રી કેરોલિન તિલાસ્કા (D) સુશ્રી યુ વેન્કિસ્યા (B)

2. તાજેતરમાં સુશ્રી ક્રિસ્ટીના પિઝ્કોવાએ 'મિસ વર્લ્ડ 2023'નો ખિતાબ જીત્યો છે... તેમનાં દેશનું નામ જણાવો ?

(A) ચેક રિપબ્લિક (B) પોલેન્ડ (C) જમૈકા (D) બ્રાઝિલ (A)

3. તાજેતરમાં કયા રાજ્યએ ભારતનું પ્રથમ રાજ્ય સંચાલિત OTT પ્લેટફોર્મ 'CSpace' લોન્ચ કર્યુ છે ?

(A) આંધ્રપ્રદેશ (B) ઓડિશા (C) તમિલનાડુ (D) કેરળ (D)

4. માર્ચ 2024 દરમિયાન કેટલામાં ઓસ્કાર એવોર્ડનું આયોજન થયું હતું ?

(A) 93મા (B) 94મા (C) 95મા (D) 96મા (D)

5. અમેરિકાના લોસ એન્જલસ ખાતે આવેલા કયા થિયેટરમાં 96મો ઓસ્કાર એવોર્ડ સમારોહ યોજાયો હતો ?

(A) ડોલી (B) ડેલ્ટા (C) ડોલ્બી (D) ડોલ્ફીન (C)

6. વર્ષ 2024માં કઈ ફિલ્મને સૌથી વધુ 7 ઓસ્કાર એવોર્ડ મળ્યા છે ?

(A) Top Gun Mavric (B) Oppenheimer

(C) American Fiction (D) Poor Things (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 12 માર્ચ, સાયબર સેન્સરશિપ વિરુદ્ધ વિશ્વ દિવસ (World Day Against Cyber Censorship)

## ઝારખંડે ભારતની પ્રથમ વિધવા પુનર્લગ્ન પ્રોત્સાહન યોજના શરૂ કરી

અભૂતપૂર્વ પહેલમાં ઝારખંડ રાજ્ય 'વિધવા પુનર્લગ્ન પ્રોત્સાહન યોજના' શરૂ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

- આ યોજના હેઠળ, જે મહિલાઓ તેમના પતિના મૃત્યુ પછી ફરીથી લગ્ન કરવાનું પસંદ કરે છે તેમને ઝારખંડ રાજ્ય સરકાર તરફથી 2 લાખ રૂપિયાની પ્રોત્સાહક રકમ મળશે.
- આ યોજના 6 માર્ચ, 2024ના રોજ મુખ્યમંત્રી શ્રી ચંપાઈ સોરેન દ્વારા શરૂ કરવામાં આવી હતી.
- આ યોજના માટે પાત્ર બનવા માટે લાભાર્થીએ અમુક માપદંડોને પૂર્ણ કરવા આવશ્યક છે, જે નીચે મુજબ છે :

(1) સ્ત્રી લગ્ન માટે યોગ્ય ઉંમરની હોવી જોઈએ.

(2) મહિલા સરકારી કર્મચારી, પેન્શનર અથવા આવકવેરાદાતા ન હોવી જોઈએ.

(3) પ્રોત્સાહન માટેની અરજી પુનર્લગ્નની તારીખથી એક વર્ષની અંદર સબમિટ કરવી પડશે.

(4) સ્વર્ગસ્થ પતિના મૃત્યુનું પ્રમાણપત્ર પ્રદાન કરવું પડશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મિશન દિવ્યસ્ત્ર - અગ્નિ 5 બેલેસ્ટિક મિસાઈલ

તાજેતરમાં DRDOએ 'મિશન દિવ્યસ્ત્ર' હેઠળ મલ્ટીપલ ઈન્ડિપેન્ડન્ટલી ટાર્ગેટેબલ રી–એન્ટ્રી વ્હીકલ (MIRV) ટેક્નોલોજી સાથે સ્વદેશી રીતે વિકસિત અગ્નિ-5 મિસાઈલ સાથે સફળ પરીક્ષણ કર્યુ છે.



- નોંધનીય છે કે યુનાઈટેડ સ્ટેટ્સ, રશિયા, ચીન, યુનાઈટેડ કિંગ્ડમ અને ફ્રાન્સ પાસે પહેલેથી જ MIRV ટેક્નોલોજી છે.

### MIRV ટેક્નોલોજી શું છે ?

મલ્ટીપલ ઈન્ડિપેન્ડન્ટલી ટાર્ગેટેબલ રી–એન્ટ્રી વ્હીકલ (MIRV) મૂળરૂપે 1960ના દાયકાની શરૂઆતમાં વિકસાવવામાં આવી હતી.

- જેથી એક જ મિસાઈલ બહુવિધ પરમાણુ શસ્ત્રો વહન કરી શકે અને દરેક અલગ–અલગ લક્ષ્યાંકો પર પ્રહાર કરવામાં સક્ષમ હોય.

- MIRV ટેક્નોલોજી યુનાઈટેડ સ્ટેટ્સમાં 1970માં MIRVed ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ (ICBM)ની તૈનાતી સાથે ઉદ્ભવી હતી.
- MIRV એક જ મિસાઈલ વડે સેંકડો કિલોમીટરના અંતરે અનેક લક્ષ્યોને નિશાન બનાવી શકે છે.
- હાલમાં યુનાઈટેડ સ્ટેટ્સ, રશિયા, ચીન, ફ્રાન્સ અને યુનાઈટેડ કિંગ્ડમ પાસે MIRV - સજ્જ મિસાઈલો છે.
- આ મિસાઈલો જમીન પરથી કે દરિયામાંથી (અથવા સબમરીનમાંથી) લોન્ચ કરી શકાય છે.
- MIRV મિસાઈલો પરના વોરહેડ્સ અલગ–અલગ ઝડપે અને અલગ–અલગ દિશામાં છોડવામાં આવી શકે છે.

## અગ્નિ-5 મિસાઈલની વિશેષતા

અગ્નિ–5 એ ભારતની સંપૂર્ણપણે સ્વદેશી બનાવટની પરમાણુ સક્ષમ ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ છે.

- આ મિસાઈલ ત્રણ તબક્કાના ઘન–ઈંધણ એન્જિનનો ઉપયોગ કરે છે, જે ખૂબ જ ઉચ્ચ ચોક્કસાઈ સાથે 5000 કિ.મીની રેન્જ સુધીના લક્ષ્યોને હિટ કરી શકે છે.
- તેની પ્રહાર ક્ષમતા આશરે 5000 (અથવા 5000 થી 8000) કિ.મી સુધીની છે.
- અગ્નિ-5 અથવા અગ્નિ-V મિસાઈલ 17.5 મીટરની લંબાઈ અને 2 મીટર વ્યાસ ધરાવે છે અને તે 1.5 ટન સુધીના પરમાણુ હથિયાર લઈ જવા સક્ષમ છે.
- તે જમીન થી જમીન (સપાટી થી સપાટી) પર પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે.
- અગ્નિ–5 એ ભારતની સ્વદેશી બનાવટની અત્યાર સુધીની સૌથી આધુનિક મિસાઈલ છે.
- આ મિસાઈલ DRDO દ્વારા વિકસાવવામાં આવી છે.
- તેનું મેન્યુફેક્ચર ભારત ડાયનેમિક લિમિટેડ દ્વારા થયું છે.

નોંધ : (1) અગ્નિ– 5 મિસાઈલનું પ્રથમ પરીક્ષણ એપ્રિલ 2012માં કરવામાં આવ્યું હતું. જ્યારે છેલ્લું પરીક્ષણ ડિસેમ્બર 2022માં કરવામાં આવ્યું હતું.

(2) DRDOનું પૂરું નામ 'ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન' છે.

(3) અગ્નિ-5 એ ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IGMDP) હેઠળ વિકસિત સપાટીથી સપાટી પરની બેલેસ્ટિક મિસાઈલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આસામના જોરહાટમાં અહોમ જનરલ લચિત બોરફૂકનની કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કર્યું



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આસામના જોરહાટમાં અહોમ જનરલ લચિત બોરફૂકનની વિશાળ કાંસાની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.

- શ્રી રામ વનજી દ્વારા ડિઝાઈન કરાયેલ પ્રતિમા 41 ફૂટના પગથિયા ઉપર 125 ફૂટ ઊંચી છે.
- શ્રી લચિત બોરફૂકન અહોમ રાજ્યના એક પ્રખ્યાત લશ્કરી કમાન્ડર હતા.
- જેઓ રામસિંહની આગેવાની હેઠળના મુઘલ સૈન્ય સામે 1671ના સરાઈઘાટના યુદ્ધમાં તેમની જીત માટે જાણીતા હતા.
- તેમની મહાન નૌકા વ્યૂહરચનાઓને કારણે ભારતના નૌકાદળને મજબૂત કરવા અને આંતરદેશીય જળ પરિવહનને પુનર્જીવિત કરવા અને તેની સાથે સંકળાયેલ માળખાકીય સુવિધાઓ બનાવવા પાછળ તેઓ પ્રેરણારૂપ હતા.
- નોંધનીય છે કે ડિફેન્સ એકેડેમી તરફથી શ્રેષ્ઠ કેડેટને લચિત બોરફૂકન ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવે છે.

**નોંધ :** (1) સરાઈઘાટનું યુદ્ધ 1671માં ગુવાહાટીમાં બ્રહ્મપુત્રાના કિનારે લડવામાં આવ્યું હતું.

(2) તે નદી પરની સૌથી મોટી નૌકા લડાઈઓમાંની એક માનવામાં આવે છે જેના પરિણામે મુઘલો પર અહોમનો વિજય થયો હતો.

### અહોમ સામ્રાજ્ય


આસામની બ્રહ્મપુત્રા ખીણમાં વર્ષ 1228માં સ્થપાયેલ અહોમ સામ્રાજ્યએ 600 વર્ષ સુધી તેનું સાર્વભૌમત્વ જાળવી રાખ્યું હતું.

- 13મી સદીમાં અહોમ રાજ્યના સ્થાપક શ્રી છોલુંગ સુકફા (Chaolung Sukapha) હતા.
- અહોમ વંશએ આસામ પર છ સદીઓ સુધી શાસન કર્યું હતું.
- અહોમ લોકોએ ભુઈયાં (જમીનદારો)ની જૂની રાજકીય વ્યવસ્થાનો અંત લાવ્યો અને એક નવું રાજ્ય બનાવ્યું હતું.
- અહોમ સામ્રાજ્ય બળજબરીથી મજૂરી પર આધારિત હતું. રાજ્ય માટે આ પ્રકારનું શ્રમ કરનારાઓને પાઈક કહેવાતા.

- અહોમ સમાજ કુળોમાં વહેંચાયેલો હતો. અને રાજ્યના વિસ્તરણ સાથે કુળોએ સ્થળાંતર કર્યુ અને નિયુક્ત પ્રદેશનો હવાલો સંભાળ્યો.
- અહોમ સૈન્યના સંપૂર્ણ દળમાં પાયદળ, નૌકાદળ, હાથી, ઘોડેસવાર અને જાસૂસોના સમાવેશ થતો હતો.
- યુદ્ધમાં વપરાતા મુખ્ય સ્ત્રોતોમાં તલવાર, ભાલા, બંદૂકો, ધનુષ અને તીરનો સમાવેશ થતો હતો.
- તેઓ ગોરિલ્લા યુદ્ધમાં નિષ્ણાંત હતા. તેમણે બ્રહ્મપુત્રા નદી પર બોટ બ્રિજ બનાવવાની ટેકનિક પણ શિખી હતી.
- 1826માં 'યાંડાબૂની સંધિ' (Treaty of Yandaboo) બાદ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા અહોમ સામ્રાજ્યને જોડવામાં આવ્યું હતું.
- આ સાથે આ સામ્રાજ્યનું નિયંત્રણ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા હાથમાં ગયું હતું.

## પોષણ પખવાડા 2024 (Poshan Pakhwada 2024)

- મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા 9 માર્ચથી 23 માર્ચ 2024 દરમિયાન 'પોષણ પખવાડા 2024'નું આયોજન કરવામાં આવ્યું છે.




- આ 15 દિવસીય ઉજવણીનો હેતુ પોષણ, આહાર પ્રણાલીઓ અને મહિલાઓના સ્વાસ્થ્ય વિશે જાગૃતિ ફેલાવવાનો છે.
- પોષણ પખવાડા 2024 દરમિયાન પ્રવૃત્તિઓ અને જાગરુકતા માટેની ઉજવણી નીચે મુજબની થીમ પર કેન્દ્રિત હશે :
  (1) પોષણ ભી પઢાઈ ભી (PBPB) – સારી પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણને પ્રોત્સાહન આપવું (ECCE)
  (2) આદિવાસી, પરંપરાગત, પ્રાદેશિક, સ્થાનિક આહાર વ્યવહાર–પોષણ વિશે સંવેદનશીલતા
  (3) સગર્ભા સ્ત્રીઓનું આરોગ્ય અને શિશુ અને યુવાન બાળ ખોરાક (IYCF) પ્રથાઓ
- પોષણ પખવાડા માર્ચમાં 15 દિવસ સુધી ઉજવવામાં આવે છે, આવી જ રીતે સપ્ટેમ્બર મહિનાને પોષણ મહિનો તરીકે ઉજવવામાં આવે છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'સાયબર સેન્સરશિપ વિરુદ્ધ વિશ્વ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 11 માર્ચ (B) 12 માર્ચ (C) 13 માર્ચ (D) 14 માર્ચ (B)

2. તાજેતરમાં કયા રાજ્યએ ભારતની પ્રથમ 'વિધવા પુનર્લગ્ન પ્રોત્સાહન યોજના' શરૂ કરી છે ?

(A) ઝારખંડ (B) કેરળ (C) રાજસ્થાન (D) હરિયાણા (A)

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'મિશન દિવ્યસ્ત્ર' નીચેનામાંથી કઈ મિસાઈલ સાથે સંબંધિત છે ?

(A) ત્રિશુળ (B) અગ્નિ-5 (C) પૃથ્વી (D) આકાશ (B)

4. 'અગ્નિ-5 મિસાઈલ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે ભારતની સંપૂર્ણ સ્વદેશી પરમાણુ સક્ષમ ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ છે.
2. તેની પ્રહાર ક્ષમતા આશરે 5000 કિ.મી. છે.
3. તેનું પ્રથમ પરીક્ષણ વર્ષ 1998માં કરવામાં આવ્યું હતું.
4. આ મિસાઈલ DRDO દ્વારા વિકસાવવામાં આવી છે. તથા તેનું મેન્યુફેક્ચર ભારત ડાયનેમિક લિમિટેડ દ્વારા થાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (C)

5. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં કયા રાજ્યમાં શ્રી લચિત બોરફૂકનની કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું ?

(A) આસામ (B) ઝારખંડ (C) તમિલનાડુ (D) આંધ્રપ્રદેશ (A)

6. તાજેતરમાં સમાચારમાં રહેલ 'પોષણ પખવાડા'નું આયોજન કયા મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું ?

(A) સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય (B) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય

(C) ગ્રામીણ વિકાસ મંત્રાલય (D) કૃષિ અને ખેડૂત મંત્રાલય (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Sea Defenders 2024 : India-US



તાજેતરમાં આંદામાન અને નિકોબાર ટાપુના પોર્ટ બ્લેર ખાતે ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG) અને યુનાઈટેડ સ્ટેટ્સ કોસ્ટ ગાર્ડ (USCG) વચ્ચે દરિયાઈ સુરક્ષા કવાયત 'સી ડિફેન્ડર્સ 2024' યોજાઈ હતી.

- આ કવાયતમાં પ્રદૂષણ પ્રતિભાવ પ્રદર્શન સહિત વિવિધ દશ્યોનો સમાવેશ થાય છે.
- જેમાં ભારતીય કોસ્ટ ગાર્ડના જહાજો અને વિમાનોએ સમુદ્રમાં તેલના ઢોળાવ અને અન્ય પર્યાવરણીય જોખમોને પ્રતિભાવ આપવા તેમની કુશળતા દર્શાવી હતી.
- તે ગેરકાયદેસર પ્રવૃત્તિની શંકાસ્પદ જહાજોનું નિરીક્ષણ કરવા માટે વિઝિટ બોર્ડ સર્ચ એન્ડ સીઝર (VBSS) ઓપરેશન્સનું પણ અનુકરણ કરે છે.
- આ કવાયત દરિયાઈ પડકારોનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગના મહત્ત્વ તેમજ ભારતીય અને યુએસ ગાર્ડ્સ વચ્ચેની ભાગીદારીને પ્રકાશિત કરી છે.
- આ ઉપરાંત આ સંયુક્ત કવાયતએ બંને તટરક્ષકોના કર્મચારીઓને તેમના અગ્નિશામક અને નુકસાન નિયંત્રણ કૌશલ્યોને સુધારવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું.
- જે સહયોગ અને મિત્રતાની ભાવનાને પ્રોત્સાહન આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## હરિયાણાના નવા મુખ્યમંત્રી : શ્રી નાયબ સિંહ સૈની

તાજેતરમાં હરિયાણામાં ભારતીય જનતા પાર્ટી અને જનનાયક જનતા પાર્ટીનું ગઠબંધન તૂટી ગયું હતું.

- ત્યારબાદ હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટરે સમગ્ર મંત્રી મંડળ સાથે હોદ્દા પરથી રાજીનામું આપી દીધું હતું.
- ત્યારબાદ હરિયાણાના નવા મુખ્યમંત્રી તરીકે શ્રી નાયબસિંહ સૈનીની નિમણૂક કરવામાં આવી હતી.



- હરિયાણાના રાજ્યપાલ શ્રી બંડારુ દત્તાત્રેયએ શ્રી નાયબસિંહ સૈનીને મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા હતા.
- શ્રી નાયબ સિંહ સૈની ભારતીય જનતા પાર્ટી સાથે સંકળાયેલ છે.
- તેઓ વર્ષ 2023થી હરિયાણા રાજ્યના ભારતીય જનતા પાર્ટી (BJP)ના અધ્યક્ષ પણ છે.
- આ ઉપરાંત તેઓએ કુરુક્ષેત્ર મતવિસ્તારના સંસદ તરીકે 2019 થી 2024 સુધી સેવા આપી છે.

## ભારતનું 5G ફાઈટર એરક્રાફ્ટ

સુરક્ષા પરની કેબિનેટ સમિતિએ ભારતના પાંચમી પેઢીના ફાઈટર મલ્ટિરોલ જેટ, એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટની ડિઝાઈન અને વિકાસ માટે રૂ.15,000 કરોડના ખર્ચ સાથેના પ્રોજેક્ટને મંજૂરી આપી હતી.

### પાંચમી પેઢીના ફાઈટર એરક્રાફ્ટ શું છે ?

ફિફ્થ જનરેશન (5G) એરક્રાફ્ટ, વાસ્તવિક સમય અને અપેક્ષિત સૌથી અદ્યતન હવા અને જમીન–આધારિત જોખમોની હાજરીમાં અત્યંત હરીફાઈવાળા યુદ્ધક્ષેત્રોમાં સંચાલન કરવા સક્ષમ છે.



- 5G ફાઈટર એરક્રાફ્ટમાં સ્ટીલ્થ ક્ષમતાઓ છે અને તે આફ્ટરબર્નરની સહાય વિના સુપરસોનિક ઝડપે ઉડવા માટે સક્ષમ છે.
- મલ્ટી–સ્પેક્ટ્રલ ઓછી–અવલોકનક્ષમ ડિઝાઈન, સ્વ–રક્ષણ, રડાર જામિંગ ક્ષમતાઓ અને 5G કોમ્બેટ એરક્રાફ્ટની સંકલિત એવિઓનિક્સ જેવી વિશેષતાઓ તેમને ચોથી પેઢી (4G) લડાયક વિમાનોથી અલગ પાડે છે.
- રશિયા (Sukhoi Su-57), ચીન (Chengdu J-20) અને US (F-35) પાસે 5G જેટ છે.

### ભારતની જરૂરિયાત

ભારતીય વાયુસેના પાસે હાલમાં લગભગ 30 ફાઈટર સ્ક્વોડ્રન છે, જેની મંજૂર સંખ્યા 42 છે.

- મિગ-21, મિગ-29, જગુઆર અને મિરાજ 2000ના સ્ક્વોડ્રનને આગામી દાયકાના મધ્ય સુધીમાં તબક્કાવાર બહાર કરવાની યોજના છે.
- ભારતનું લક્ષ્ય સંરક્ષણ ક્ષેત્રમાં તેની આત્મનિર્ભરતાને વધારવાનું છે, આપણી વાયુસેનાને મજબૂત બનાવવા અને યુદ્ધ વિમાનોને બદલવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે.
- LCA તેજસની સફળતાના આધારે ભારત એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (AMCA) વિકસાવી રહ્યું છે, જેમાંથી પાંચ પ્રોટોટાઈપ ADA, HAL અને ખાનગી ઉદ્યોગો દ્વારા સહયોગથી બનાવવામાં આવશે.
- એકવાર ભારત આ પાંચમી પેઢીના ફાઈટર એરક્રાફ્ટને હસ્તગત કરી લેશે, ત્યારે ભારત યુએસ, રશિયા અને ચીન જેવા દેશોની શ્રેણીમાં જોડાશે.

## પ્રિત્ઝકર આર્કિટેક્ચર પ્રાઈઝ 2024



તાજેતરમાં જાપાની આર્કિટેક શ્રી રિકેન યામામોટોને પ્રતિષ્ઠિત પ્રિત્ઝકર આર્કિટેક્ચર પ્રાઈઝના વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.



- પ્રિત્ઝકર આર્કિટેક્ચર પ્રાઈઝને ઘણીવાર ‘આર્કિટેક્ચર નોબેલ’ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- શ્રી રિકેન યામામોટો જાપાનના નવમાં વિજેતા છે.
- તેઓ આર્કિટેક્ચરલ દૃષ્ટિ આર્કિટેક્ચર (વસ્તુકલા)ના દશ્યમાન અને મૃત પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને કુટુંબ અને સમુદાયને પ્રાથમિકતા આપે છે.
- આ પુરસ્કારની સ્થાપના 1979માં જે.એ.પ્રિત્ઝકર અને તેમની પત્ની સિન્ડી દ્વારા જીવંત આર્કિટેક્ટ્સના સન્માન માટે કરવામાં આવી હતી.
- જેનું કાર્ય પ્રતિભા, દૃષ્ટિ અને માનવતા અને બિલ્ટ પર્યાવરણ પ્રત્યે પ્રતિબદ્ધતા પ્રદર્શિત કરવાનું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં ભારત અને કયા દેશની કોસ્ટગાર્ડ વચ્ચે 'Sea Defenders 2024' દરિયાઈ સુરક્ષા કવાયત યોજાઈ હતી ?

(A) જાપાન (B) શ્રીલંકા (C) મોરેશિયસ (D) યુ.એસ. **(D)**

2. તાજેતરમાં શ્રી નાયબસિંહ સૈની કયા રાજ્યના નવા મુખ્યમંત્રી બન્યા છે ?

(A) હરિયાણા (B) પંજાબ

(C) હિમાચલ પ્રદેશ (D) ઉત્તરાખંડ **(A)**

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'પાંચમી પેઢીના ફાઈટર એરક્રાફ્ટ' સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) ફિફ્થ જનરેશન (5G) એરક્રાફ્ટ વાસ્તવિક સમય અને અપેક્ષિત સૌથી અદ્યતન હવા અને જમીન–આધારિત જોખમોની હાજરીમાં અત્યંત હરિફાઈવાળા યુદ્ધક્ષેત્રોમાં સંચાલન કરવા માટે સક્ષમ છે.

(B) 5G ફાઈટર એરક્રાફ્ટમાં સ્ટીલ્થ ક્ષમતાઓ છે અને તે આફટરબર્નરની સહાય વિના સુપરસોનિક ઝડપે ઉડવા સક્ષમ છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

4. તાજેતરમાં શ્રી રિકેન યામામોટોને 'પ્રિત્ઝકર આર્કિટેક્ચર પ્રાઈઝ 2024' આપવાની જાહેરાત કરી છે, તેઓ કયા દેશના પ્રસિદ્ધ આર્કિટેક છે ?

(A) અમેરિકા (B) જાપાન (C) ચીન (D) વિયેતનામ **(B)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી કિશોર મકવાણાની રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ તરીકે નિમણૂક



અમદાવાદના જાણીતા લેખક અને વકતા શ્રી કિશોર મકવાણાની રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ (National Commission for Scheduled Castes)ના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ શ્રી કિશોરભાઈ મકવાણાની નિમણૂકની એક પરિપત્ર દ્વારા જાહેરાત કરી હતી.
- શ્રી કિશોર મકવાણાએ ડો. બાબસાહેબ આંબેડકર પર અનેક પુસ્તકો લખ્યા છે.
- વર્ષ 2015માં તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પર 'મોદી : અ કોમન મેન્સ પીએમ' પુસ્તક લખ્યું હતું.

### રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ (National Commission for Scheduled Castes)


રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ એ એક બંધારણીય સંસ્થા છે.

- બંધારણના ભાગ 16માં અનુચ્છેદ 338 અંતર્ગત અનુસૂચિત જાતિ આયોગની રચના અંગે જોગવાઈ કરવામાં આવી છે.
- બંધારણના અનુચ્છેદ 338માં અગાઉ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે એક વિશેષ અધિકારીની નિયુક્તિનો ઉલ્લેખ થયેલ હતો. જેનું મુખ્ય કાર્ય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને બંધારણીય સંરક્ષણ પૂરું પાડવાનું અને એ સંબંધિત રાષ્ટ્રપતિને સલાહ આપવાનું હતું.
- ત્યારબાદ વર્ષ 1978માં કેબિનેટના પ્રસ્તાવ દ્વારા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આયોગની સ્થાપના કરવામાં આવી હતી.
- વર્ષ 1987માં વધુ એક વખત કેબિનેટના પ્રસ્તાવ દ્વારા આ આયોગને 'રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આયોગ' નામ આપવામાં આવ્યું હતું.
- ત્યારબાદ '65મા બંધારણીય સુધારા, 1990' દ્વારા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટેના એક વિશેષ અધિકારીની જગ્યાએ એક કરતા વધુ સભ્યો ધરાવતા એક ઉચ્ચ સ્તરીય રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આયોગની સ્થાપના કરવામાં આવી હતી.

- પાછળથી '89મા બંધારણીય સુધારા, 2003' દ્વારા 'રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આયોગ'ને બે ભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું, જે પૈકી અનુચ્છેદ 338 હેઠળ 'રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ' અને અનુચ્છેદ 338(A) હેઠળ 'રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ'ની સ્થાપના કરવામાં આવી હતી. આ બંધારણીય સુધારો 28 સપ્ટેમ્બર, 2003થી અમલમાં આવ્યો હતો.

## રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગનું માળખું

આ આયોગમાં કુલ પાંચ સભ્ય હોય છે. જેનું માળખું નીચે મુજબ છે :




## આયોગના સભ્યોની નિમણૂક અને કાર્યકાળ

આયોગના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોની નિમણૂક અનુચ્છેદ 338(3) મુજબ રાષ્ટ્રપતિ કરે છે. તથા અનુચ્છેદ 338(2) અનુસાર તેમનો કાર્યકાળ પણ રાષ્ટ્રપતિ નક્કી કરે તેટલો હોય છે. જે સામાન્ય રીતે 3 વર્ષનો હોય છે.

## રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના કાર્યો અને ફરજો

અનુચ્છેદ 338(5) અનુસાર રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના કાર્યો અને ફરજો આ પ્રમાણે છે :

(a) ભારતીય બંધારણમાં અનુસૂચિત જાતિઓના સંરક્ષણ સંબંધિત જોગવાઈઓ અને સરકાર દ્વારા ઘડવામાં આવતા નવા કાયદાઓનું અમલીકરણ સુનિશ્ચિત કરવું.

(b) અનુસૂચિત જાતિઓ સંબંધિત અધિકારોના ઉલ્લંઘન અંગેની કોઈપણ ફરિયાદની તપાસ કરવી.

(c) અનુસૂચિત જાતિઓના આર્થિક અને સામાજિક વિકાસ સંબંધિત યોજના પ્રક્રિયાઓના ઘડતરમાં સહકાર આપવો તથા તેમના વિકાસ માટેના અન્ય ઉપાયો અંગે સૂચન કરવું.

(d) અનુસૂચિત જાતિઓના સંરક્ષણ સંબંધિત કાર્યોનો વાર્ષિક અહેવાલ રાષ્ટ્રપતિને આપે છે.

(e) આ તમામ કાર્યો ઉપરાંત અનુસૂચિત જાતિઓ સંબંધિત રાષ્ટ્રપતિ દ્વારા સોંપવામાં આવતા તમામ કાર્યો કરવા.

**નોંધ :** અનુચ્છેદ 338(6) અંતર્ગત આયોગ પોતાનો વાર્ષિક અહેવાલ રાષ્ટ્રપતિને સોંપે છે. અને રાષ્ટ્રપતિ આ અહેવાલ સંસદ સમક્ષ મૂકાવે છે.

## રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગની સત્તાઓ

રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગને તપાસ અને પૂછપરછ માટે દીવાની અદાલતની સત્તા આપવામાં આવેલી છે. બંધારણના અનુચ્છેદ 338(8) અનુસાર આ આયોગની આવી સત્તાઓ નીચે મુજબ છે :

(a) કોઈ વ્યક્તિને સમન્સ પાઠવીને કોર્ટમાં હાજર થવા ફરમાવવું.

(b) સોગંદનામા કે પુરાવા પ્રાપ્ત કરવા.


(c) કોઈપણ ન્યાયાલય અથવા ઓફિસમાંથી કોઈપણ જાહેર રેકોર્ડની નકલની માંગણી કરવી.

(d) સાક્ષીઓ અને દસ્તાવેજોની તપાસ માટે કમિશન બેસાડવા.

(e) રાષ્ટ્રપતિ નિયમથી નક્કી કરે તેવી તમામ સત્તા ભોગવશે.

**નોંધ :** અનુચ્છેદ 338(9) અંતર્ગતની જોગવાઈ અનુસાર અનુસૂચિત જાતિઓને અસર કરતી તમામ મહત્ત્વની જોગવાઈ કે જાહેર નીતિઓ બાબતમાં કેન્દ્ર અને દરેક રાજ્ય સરકાર આયોગની સલાહ લેશે.

## અરૂણાચલ પ્રદેશમાં સેલા ટનલનું ઉદ્‌ઘાટન




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અરૂણાચલ પ્રદેશમાં સ્થિત એક વ્યૂહાત્મક માળખાકીય પ્રોજેક્ટ સેલા ટનલ રાષ્ટ્રને સમર્પિત કરી છે.

- 13,000 ફૂટની ઊંચાઈ પર બનેલી આ ટનલ વ્યૂહાત્મક રીતે સ્થિત તવાંગ જિલ્લાને તમામ હવામાનમાં કનેક્ટિવિટી પૂરી પાડશે અને સરહદી વિસ્તારમાં સૈનિકોની હિલચાલને સુધારશે તેવી અપેક્ષા છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈટાનગરમાં 'ડેવલપ ઈન્ડિયા, ડેવલપ નોર્થ ઈસ્ટ' ઈવેન્ટમાં ટનલ પ્રોજેક્ટના વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટનમાં હાજરી આપી હતી.
- 825 કરોડના ખર્ચે બનેલ સેલા ટનલને આટલી ઊંચાઈએ વિશ્વની સૌથી લાંબી ટુ–લેન રોડ ટનલ તરીકે ઓળખવામાં આવે છે.
- બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO) દ્વારા બનાવવામાં આવેલ આ ટનલ આસામના તેજપુરને અરૂણાચલ પ્રદેશના પશ્ચિમ કામેંગ જિલ્લા સાથે જોડે છે.

## સમુદ્રી સુરક્ષા બેલ્ટ 2024 (Maritime Safety belt 2024)

ઈરાન, રશિયા અને ચીને ઓમાનની ખાડીમાં સંયુક્ત નૌકા કવાયત શરૂ કરી છે.

- આ કવાયતને 'મેરીટાઈમ સિક્યોરિટી બેલ્ટ 2024' તરીકે ઓળખવામાં આવે છે.

- આ કવાયતમાં યુદ્ધ જહાજો અને વિમાનો સામેલ હતા, 2019 પછી તેમની ચોથી સંયુક્ત લશ્કરી કવાયત છે.
- પાકિસ્તાન, કઝાકિસ્તાન, અઝરબૈજાન, ઓમાન, ભારત અને દક્ષિણ આફ્રિકાના નૌકાદળના પ્રતિનિધિઓ કવાયત દરમિયાન નિરીક્ષક તરીકે કાર્ય કરી રહ્યા છે.




- ઓમાનનો અખાત એ અરબી સમુદ્રનું પશ્ચિમી વિસ્તરણ છે, જે ઈરાન, ઓમાન અને સંયુક્ત આરબ અમીરાત દેશો વચ્ચે મધ્ય પૂર્વમાં સ્થિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં 'રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ' (NCSC)ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી રૂપેશ સિંઘ (B) શ્રી કિશોર મકવાણા

(C) શ્રી કિશન પરમાર (D) શ્રી વિજય પાટલીકર **(B)**

2. 'રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ' (National Commission for Scheduled Castes) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે એક બંધારણીય સંસ્થા છે.
2. બંધારણના ભાગ 16માં અનુચ્છેદ 338 અંતર્ગત અનુસૂચિત જાતિ આયોગની રચના અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
3. આ આયોગમાં કુલ પાંચ સભ્યો હોય છે.
4. આ આયોગના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને અન્ય સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2, 3 અને 4 **(D)**

3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા રાજ્યમાં 'સેલા ટનલ'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું ?

(A) મણિપુર (B) મેઘાલય (C) અરૂણાચલ પ્રદેશ (D) સિક્કિમ **(C)**

4. તાજેતરમાં કયા દેશોએ ઓમાનની ખાડીમાં 'સમુદ્રી સુરક્ષા બેલ્ટ 2024' (Maritime Safety belt 2024) નામની સંયુક્ત નૌકા કવાયત યોજી હતી ?

(A) ઈરાન, રશિયા, ચીન (B) પાકિસ્તાન, ચીન, માલદીવ

(C) ભારત, માલદીવ, યુ.એઈ (D) અમેરિકા, યુએઈ, જાપાન **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

દિવસ મહિમા : 15 માર્ચ, (1) વિશ્વ ગ્રાહક દિન અથવા વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ (World Consumer Day or World Consumer Rights Day)
(2) World Speech Day
(3) વિશ્વ સંપર્ક દિવસ (World Contact Day)
(4) પોલીસ ક્રૂરતા વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ (International Day Against Police Brutality)

## વિશ્વ ગ્રાહક દિન




ગ્રાહક સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 15 માર્ચના રોજ 'વિશ્વ ગ્રાહક દિન' અથવા તો 'વિશ્વ ગ્રાહક અધિકાર દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- Consumer International દ્વારા ઉજવાતા આ દિવસની ઉજવણીનો એક અન્ય હેતુ 'ગ્રાહક અધિકાર'ના સંરક્ષણ અને એ અંગે જાગૃતિનો પણ છે.
- વર્ષ 2024ની 'વિશ્વ ગ્રાહક દિન'ની થીમ 'Fair and Responsible AI for Consumers' છે.

## The Citizenship (Amendment) Act, 2019 (CAA)




11 માર્ચ, 2024ના રોજ ભારતના ગેઝેટમાં 'નાગરિકતા (સંશોધન) અધિનિયમ, 2019'(CAA)ના અમલીકરણ વિશે વિગતો અને નિયમો બહાર પાડ્યા હતા.

- ડિસેમ્બર, 2019માં આ અધિનિયમ પસાર થયાના 4 વર્ષથી વધુ સમય પછી તેનું અમલીકરણ થયું છે.

### સરકાર દ્વારા કયા નિયમો જારી કરવામાં આવ્યા છે ?

સરકારે અગાઉ શરણાર્થીઓની દુર્દશાને સંબોધવા માટે પગલા લીધા છે, જેમાં 2004માં નાગરિકતા નિયમોમાં સુધારા અને 2014, 2015, 2016 અને 2018ની સૂચનાઓ સામેલ છે.

- નાગરિકતા (સંશોધન) અધિનિયમ, 2019 (The Citizenship (Amendment) Act, 2019)ને લગતા સરકાર દ્વારા નીચે મુજબના નિયમો જારી કર્યા છે.

☛ **CAA નિયમો, 2024 :**

(1) CAA હેઠળ નાગરિકતા માટેની અરજી પ્રક્રિયા નાગરિકતા અધિનિયમ, 1955ની કલમ 6B હેઠળ કરવામાં આવી છે.

(2) ભારતીય નાગરિકતા મેળવવા માટે અરજદારોએ તેમનો મૂળ દેશ, ધર્મ, ભારતમાં પ્રવેશની તારીખ અને ભારતીય ભાષાનું જ્ઞાન સાબિત કરવું જરૂરી છે.

(3) મૂળ દેશનો પૂરાવો : હળવા જરૂરિયાતો જન્મ અથવા શૈક્ષણિક પ્રમાણપત્રો, ઓળખ દસ્તાવેજો, લાયસન્સ, જમીનના રેકોર્ડ્સ અથવા ઉલ્લેખિત દેશોની અગાઉના નાગરિકતા સાબિત કરતા કોઈપણ દસ્તાવેજ સહિત વિવિધ દસ્તાવેજોને મંજૂરી આપે છે.

(4) ભારતમાં પ્રવેશની તારીખ : અરજદારો ભારતમાં પ્રવેશના પુરાવા તરીકે 20 જુદા જુદા દસ્તાવેજો પ્રદાન કરી શકે છે. જેમાં વિઝા, રહેણાંક પરમિટ, વસતી ગણતરીની સ્લીપ, ડ્રાઈવિંગ લાયસન્સ, આધાર કાર્ડ, રેશન કાર્ડ, સરકારી અથવા કોર્ટના પત્રો, જન્મ પ્રમાણપત્ર અને વધુનો સમાવેશ થાય છે.

## નિયમોના અમલીકરણ માટેની પદ્ધતિ

ગૃહ મંત્રાલયએ CAA હેઠળ નાગરિકતા અરજીઓ પર પ્રક્રિયા કરવાનું કાર્ય કેન્દ્ર સરકાર હેઠળના ટપાલ વિભાગ અને વસતી ગણતરીના અધિકારીઓને સોંપ્યું છે.

- ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) જેવી કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ દ્વારા પૃષ્ઠભૂમિ અને સુરક્ષા તપાસ હાથ ધરવામાં આવશે.
- અરજીઓ પરના અંતિમ નિર્ણયો દરેક રાજ્યમાં નિયામક (સેન્સસ ઓપરેશન્સ)ની આગેવાની હેઠળની સશક્ત સમિતિઓ દ્વારા લેવામાં આવશે.
- આ સમિતિઓમાં ઈન્ટેલિજન્સ બ્યુરો, પોસ્ટ માસ્ટર જનરલ, સ્ટેટ અથવા નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ અને રાજ્ય સરકારના ગૃહ વિભાગ અને ડિવિઝનલ રેલવે મેનેજરના પ્રતિનિધિઓનો સમાવેશ થશે.
- પોસ્ટ વિભાગના અધિક્ષકની આગેવાની હેઠળની જિલ્લા કક્ષાની સમિતિઓ આમંત્રિત તરીકે જિલ્લા કલેક્ટર કચેરીના પ્રતિનિધિ સાથે અરજીઓની ચકાસણી કરશે.

નોંધ : (1) કેન્દ્ર દ્વારા સ્થાપિત એમ્પાવર્ડ કમિટી અને ડિસ્ટ્રિક લેવલ કમિટી (DLC), રાજ્યના નિયંત્રણને બાયપાસ કરીને નાગરિકતાની અરજીઓ પર પ્રક્રિયા કરશે.

(2) DLC અરજીઓ મેળવશે, અંતિમ નિર્ણય નિયામક (સેન્સસ ઓપરેશન્સ)ની આગેવાની હેઠળની સત્તા પ્રાપ્ત સમિતિ દ્વારા લેવામાં આવશે.

## નાગરિકતા (સંશોધન) અધિનિયમ, 2019 વિશે

### પૃષ્ઠભૂમિ

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે ડિસેમ્બર, 2019માં 'નાગરિકતા (સંશોધન) બિલ, 2019' રજૂ કર્યુ હતું.

- આ બિલ 9 ડિસેમ્બર, 2019ના રોજ 311 વિરુદ્ધ 80 મતોથી લોકસભામાંથી પસાર થયું હતું.
- લોકસભામાં પસાર થયા બાદ આ બિલ 11 ડિસેમ્બર, 2019ના રોજ 125 વિરુદ્ધ 105 મતોથી રાજ્યસભામાં પણ પસાર થયું હતું.
- લોકસભા અને રાજ્યસભામાં પસાર થયા બાદ 12 ડિસેમ્બર, 2019ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે આ બિલને મંજૂરી આપી હતી, ત્યારબાદ આ બિલે કાયદાનું સ્વરૂપ ધારણ કર્યુ હતું.

## આ બિલ દ્વારા કયા એક્ટમાં સુધારો કરવામાં આવ્યો હતો ?

'નાગરિકતા (સંશોધન) બિલ, 2019' દ્વારા 'The Citizenship Act, 1955' (નાગરિકતા અધિનિયમ, 1955)માં સુધારો કરવામાં આવ્યો હતો.

## નાગરિકતા (સંશોધન) અધિનિયમ, 2019 (CAA)ની મહત્ત્વની જોગવાઈઓ

નાગરિકતા (સંશોધન) અધિનિયમ, 2019ની જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) આ બિલની જોગવાઈ અનુસાર પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનથી એમ કુલ ત્રણ દેશોમાંથી ભારત આવેલા શરણાર્થી હિન્દુ, શીખ, પારસી, ખ્રિસ્તી, જૈન અને બૌદ્ધ એમ કુલ 6 સમુદાયોને ભારતની નાગરિકતા આપવામાં આવશે, પરંતુ તેમાં મુસ્લિમોનો સમાવેશ થશે નહિ.

(2) આ ત્રણ દેશોના એવા શરણાર્થીઓ કે જેઓ 31 ડિસેમ્બર, 2014 કે તેની પહેલાથી ભારતમાં રહેતા હોય તેઓ ભારત સરકાર સમક્ષ ભારતીય નાગરિકતા માટે અપિલ કરી શકશે.

(3) જોકે તેઓ 5 વર્ષ કે તેથી વધુ સમયથી ભારતમાં વસવાટ કરતા હોવા જોઈએ. (અગાઉ આ જોગવાઈ 11 વર્ષની હતી. જોકે તેને ઘટાડીને 5 વર્ષની કરવામાં આવી છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(4) આ અધિનિયમની જોગવાઈઓ નીચેના વિસ્તારોમાં લાગુ પડશે નહિ.

(i) આસામ, મેઘાલય, મિઝોરમ અને ત્રિપુરા રાજ્યના આદિવાસી વિસ્તારોમાં અને,

(ii) અરૂણાચલ પ્રદેશ, મિઝોરમ અને નાગાલેન્ડના એવા વિસ્તારો કે જેને 'ઈનર લાઈન પરમીટ' દ્વારા સંરક્ષણ આપવામાં આવ્યું હોય

## બિલનો ઉદ્દેશ

પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશનો એક ચોક્કસ રાજધર્મ છે.

- આ ત્રણ દેશોમાં હિન્દુ, શીખ, પારસી, ખ્રિસ્તી, બૌદ્ધ અને જૈન સમુદાય લઘુમતીમાં છે.
- અને આ દેશોમાં ખાસ કરીને પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર સતત અત્યાચારો થઈ રહ્યા છે. આથી, તેઓ રક્ષણ માટે ભારતમાં શરણ લઈ રહ્યા છે.
- પરિણામે, આવા શરણાર્થીઓને ભારતમાં રક્ષણ આપવા માટે અને તેમને ભારતની નાગરિકતા આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા આ કાયદો લાવવામાં આવ્યો હતો.
- આથી, આ બિલ દ્વારા ભારતમાં આવેલા લાખો શરણાર્થીઓને લાભ થશે અને તેમને ભારતની કાયદેસરની નાગરિકતા મળી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ પુનઃનિર્માણ પ્રોજેક્ટ




12 માર્ચ, 2024ના રોજ દાંડીકૂચ દિવસ નિમિત્તે અમદાવાદમાં સાબરમતી આશ્રમ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ '<u>આશ્રમ ભૂમિ વંદના</u>' કાર્યક્રમમાં '<u>મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ પુનઃનિર્માણ પ્રોજેક્ટ</u>'નો શુભારંભ કરાવ્યો હતો.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પુનઃનિર્માણ પ્રોજેક્ટ દર્શાવતા પ્રદર્શનમાં હાજરી આપી હતી અને આશ્રમ પરિસરમાં એક વૃક્ષ વાવ્યું હતું.
- આ સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.
- સાબરમતી નદીના કિનારે આવેલા આ ઐતિહાસિક ગાંધી આશ્રમનું <u>1200 કરોડ રૂપિયાના</u> ખર્ચે <u>રિ–ડેવલપમેન્ટ</u> કરાશે.
- આ રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ ગાંધી આશ્રમના <u>પાંચ એકર વિસ્તારને વધારીને 55 એકર કરવામાં</u> આવશે અને <u>36 હયાત ઈમારતોનું પુનઃસંગ્રહ</u> કરવામાં આવશે.

- 55 એકરમાં ફેલાયેલા આ પ્રોજેક્ટનો ઉદ્દેશ સાબરમતી આશ્રમ અને તેની આસપાસના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરીને તેમની ઓળખ સ્થાપિત કરવાનો છે.
- તેમજ પ્રવાસીઓને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સાથે મહાત્મા ગાંધીજીને સમર્પિત એક વિશ્વસ્તરીય સ્મારકનું નિર્માણ કરવાનો છે.

**નોંધ :** 17 જૂન, 1917ના રોજ ગાંધીજીએ અમદાવાદમાં સાબરમતી આશ્રમની સ્થાપના કરી હતી.

## ભારતના પ્રથમ FutureLABS કેન્દ્રનું ઉદ્ઘાટન

કેન્દ્રીય મંત્રી શ્રી રાજીવ ચંદ્રશેખરે સેમિકન્ડક્ટર ચિપ અને વ્યૂહાત્મક ઈલેક્ટ્રોનિક્સ પર ધ્યાન કેન્દ્રિત કરીને, સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યૂટિંગ (C-DAC) તિરુવનંતપુરમ ખાતે ભારતના પ્રથમ ફ્યુચર લેબ્સ (FutureLABS) કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યુ હતું.




- તેનો હેતુ ચિપ ડિઝાઈન, ઉત્પાદન અને સંશોધનને પ્રોત્સાહન આપવાનો છે.
- ઈલેક્ટ્રિક લોકોમોટિવ ટેક્નોલોજી ડેવલપમેન્ટ માટે રેલવે મંત્રાલય સાથે સહયોગની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં માઈક્રોગ્રીડ ટેક માટે ટાટા પાવર સાથે MoUની જાહેરાત કરવામાં આવી હતી.
- વધુમાં C-DAC(T) અને VNIT નાગપુર દ્વારા વિકસિત ઈલેક્ટ્રિક વ્હીકલ વાયરલેસ ચાર્જર ટેક્નોલોજી BelRise Industries Limitedને ટ્રાન્સફર કરવામાં આવશે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'World Speech Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ **(D)**

2. 'વિશ્વ સંપર્ક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ **(D)**

3. 'પોલીસ ક્રૂરતા વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ **(D)**

4. 'વિશ્વ ગ્રાહક દિન' અથવા તો 'વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 માર્ચ (B) 13 માર્ચ (C) 14 માર્ચ (D) 15 માર્ચ **(D)**

5. વર્ષ 2024ની 'વિશ્વ ગ્રાહક દિન'ની થીમ શું છે ?

(A) Fair and Responsible AI for Consumers

(B) Consumer Justice Now

(C) The Sustainable Consumer

(D) Trusted Smart Products **(A)**

6. નાગરિકતા (સંશોધન) બિલ, 2019 દ્વારા કયા એક્ટમાં સુધારો કરવામાં આવ્યો હતો ?

(A) નાગરિકતા અધિનિયમ, 1952 (B) નાગરિકતા અધિનિયમ, 1955

(C) નાગરિકતા અધિનિયમ, 1958 (D) નાગરિકતા અધિનિયમ, 1962 **(B)**

7. 'નાગરિકતા (સંશોધન) અધિનિયમ, 2019' (CAA)ની જોગવાઈ અનુસાર ભારતમાં કયા ત્રણ દેશોના શરણાર્થીઓને નાગરિકતા આપવામાં આવશે ?

(A) પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ (B) પાકિસ્તાન, બાંગ્લાદેશ, મ્યાનમાર

(C) પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા (D) પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન **(D)**

8. નાગરિકતા (સંશોધન) અધિનિયમ, 2019ની જોગવાઈ અનુસાર ભારતમાં ક્યારથી વસવાટ કરતા શરણાર્થીઓને નાગરિકતા આપવામાં આવશે ?

(A) 31 ડિસેમ્બર, 2014 કે તે પહેલા (B) 31 ડિસેમ્બર, 2015 કે તે પહેલા

(C) 31 ડિસેમ્બર, 2016 કે તે પહેલા (D) 31 ડિસેમ્બર, 2017 કે તે પહેલા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

9. મહાત્મા ગાંધીજીએ કયા વર્ષે સાબરમતી આશ્રમની સ્થાપના કરી હતી ?

(A) ઈ.સ.1915 (B) ઈ.સ.1918 (C) ઈ.સ.1916 (D) ઈ.સ.1917 **(D)**

10. તાજેતરમાં ભારતના પ્રથમ FutureLABS કેન્દ્રનું ઉદ્‌ઘાટન કયા થયું હતું ?

(A) C-DAC હૈદરાબાદ (B) C-DAC કોલકાતા

(C) C-DAC તિરુવનંતપુરમ (D) C-DAC બેંગ્લુરુ **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## વિદર્ભને પરાજય આપીને મુંબઈ વર્ષ 2023-2024ની રણજી ટ્રોફીમાં ચેમ્પિયન




તાજેતરમાં ભારતમાં રણજી ટ્રોફી 2023-24નું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં વિદર્ભને પરાજય આપીને મુંબઈએ આ ટુર્નામેન્ટ જીતી લીધી છે.
- આ સાથે મુંબઈ રણજી ટ્રોફીમાં 42મી વખત ચેમ્પિયન બન્યું છે.
- આ અગાઉ વર્ષ 2022-2023ની રણજી ટ્રોફીમાં સૌરાષ્ટ્ર ચેમ્પિયન બન્યું હતું.

### રણજી ટ્રોફીની ફાઈનલ મેચ

મુંબઈ અને વિદર્ભ વચ્ચેની 2023-24ની રણજી ટ્રોફીની ફાઈનલ મેચ મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.

- જેમાં મુંબઈના શ્રી મુશીર ખાન પ્લેયર ઓફ ધ મેચ જાહેર થયા હતા.

### પ્લેયર ઓફ ધ સિરીઝ

રણજી ટ્રોફી 2023-24માં મુંબઈની ટીમના શ્રી તનુષ કોટિયન 'પ્લેયર ઓફ ધ સિરીઝ' જાહેર થયા હતા.

નોંધ : (1) આ ટુર્નામેન્ટમાં આંધ્રપ્રદેશ તરફથી રમતા શ્રી રિકી ભુઈએ સૌથી વધુ રન 902 ફટકાર્યા હતા.
(2) જ્યારે તમિલનાડુ તરફથી રમતા શ્રી આર.સાઈ કિશોરએ 53 વિકેટ ઝડપી હતી.
(3) મુંબઈની ટીમના કેપ્ટન શ્રી અજિક્ય રહાને છે.

### રણજી ટ્રોફી ટુર્નામેન્ટ

રણજી ટ્રોફી એ ભારતની એક Domestic first class cricket championship (ઘરેલુ પ્રથમ શ્રેણીની ટુર્નામેન્ટ) છે.



- આ ટુર્નામેન્ટમાં ભારતના વિવિધ રાજ્યો તથા પ્રદેશોની ટીમ ભાગ લે છે.
- ભારતમાં 1934થી આ ટુર્નામેન્ટ યોજાય છે.
- આ ટુર્નામેન્ટ 'ટેસ્ટ મેચ' ફોર્મેટમાં યોજાય છે.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમનારા ભારતના પ્રથમ ખેલાડી શ્રી રણજીતસિંહના નામ પરથી આ ટુર્નામેન્ટને 'રણજી ટ્રોફી' નામ આપવામાં આવ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રણજી ટ્રોફીમાં ગુજરાત

રણજી ટ્રોફીમાં ગુજરાત તરફથી હાલ ત્રણ ટીમો ભાગ લે છે :

(1) સૌરાષ્ટ્ર

(2) બરોડા (અથવા વડોદરા) અને

(3) ગુજરાત

- જેમાં સૌરાષ્ટ્રની ટીમ અગાઉ નવાનગર તથા વેસ્ટર્ન ઈન્ડિયા તરીકે ઓળખાતી હતી.
- જેમાંથી નવાનગરે 1936-37માં આ ટુર્નામેન્ટ જીતી હતી.
- જ્યારે વેસ્ટર્ન ઈન્ડિયાએ 1943-44માં આ ટુર્નામેન્ટ જીતી હતી.
- વર્તમાન સૌરાષ્ટ્રની ટીમે 1950-51થી રણજી ટ્રોફી રમવાનો પ્રારંભ કર્યો છે.
- ત્યારબાદ સૌરાષ્ટ્રની ટીમે રણજી ટ્રોફીમાં 2019-20 અને 2022-23 માં આ ટુર્નામેન્ટ જીતી હતી.

**નોંધ :** મુંબઈની ટીમે સૌથી વધુ એટલે કે 42 વખત રણજી ટ્રોફીની ટુર્નામેન્ટ જીતી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## બે નવા ચૂંટણી કમિશનરની નિમણૂક

લોકસભાની ચૂંટણી પહેલા ભારતીય ચૂંટણી પંચમાં ખાલી પડેલી અન્ય બે ચૂંટણી કમિશનરની જગ્યા પૂર્ણ કરવામાં આવી હતી.



- ભારતીય ચૂંટણી પંચ (ECI)ની ખાલી પડેલી બે અન્ય ચૂંટણી કમિશનરની જગ્યામાં શ્રી સુખબીર સિંહ સંધુ અને શ્રી જ્ઞાનેશકુમારની નિમણૂક કરવામાં આવી છે.
- નોંધનીય છે કે ભારતીય ચૂંટણી પંચના વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી રાજીવ કુમાર છે.

## SIPRI રિપોર્ટ : ભારત વિશ્વનો સૌથી મોટો હથિયારોની આયાત કરતો દેશ

સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SIPRI)ના 'ટ્રેન્ડ્સ ઈન ઈન્ટરનેશનલ આર્મ્સ ટ્રાન્સફર 2023' રિપોર્ટ અનુસાર ભારત 2019 થી 2023ના સમયગાળા દરમિયાન વિશ્વનો સૌથી મોટો હથિયારોનો આયાતકાર દેશ રહ્યો છે.

- ભારત બાદ સાઉદી અરેબિયા આ યાદીમાં બીજા અને કતાર ત્રીજા નંબરે આવે છે.
- 2019-2023ના સમયગાળા દરમિયાન કુલ વૈશ્વિક શસ્ત્રોની આયાતમાં ભારતનો હિસ્સો 9.8 ટકા હતો.

- સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન અને પ્રાપ્તિને વેગ આપવા સરકારના સતત પ્રયાસો છતાં, 2014-18 અને 2019-23 વચ્ચે દેશની શસ્ત્રોની આયાતમાં 4.7 ટકાનો વધારો થયો છે.
- અહેવાલમાં 2014-2018 અને 2019-2023 વચ્ચે યુરોપિયન દેશો દ્વારા શસ્ત્રોની આયાતમાં નોંધપાત્ર 94% વધારો થયો છે, જે યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધથી પ્રભાવિત છે.
- રશિયા ભારતનું મુખ્ય શસ્ત્ર સપ્લાયર રહ્યું હતું. (તેના શસ્ત્રોની આયાતના 36% હિસ્સા માટે)
- અમેરિકા શસ્ત્રોની નિકાસમાં 17 ટકાના વધારા સાથે વિશ્વના અગ્રણી શસ્ત્ર નિકાસકાર તરીકે તેનું પ્રભૂત્વ જાળવી રાખ્યું છે, જે કુલ વૈશ્વિક શસ્ત્રોની નિકાસમાં 42 ટકા હિસ્સો ધરાવે છે.
- જ્યારે ફ્રાન્સે શસ્ત્રોની નિકાસમાં 47 ટકાના વધારા સાથે વૈશ્વિક સ્તરે બીજું સ્થાન મેળવ્યું છે.
- રશિયાએ શસ્ત્રોની નિકાસમાં 53 ટકાનો ઘટાડો અનુભવ્યો, જે ત્રીજા સ્થાને આવી ગયું છે.

**નોંધ :** (1) 2013-17 અને 2018-22 વચ્ચે ફ્રાન્સની નિકાસમાં 44 ટકાનો વધારો થયો છે, જેમાં મોટાભાગની નિકાસ એશિયા, ઓસેનિયા અને મધ્યપૂર્વના દેશોમાં થઈ છે.
(2) ફ્રેન્ચ હથિયારોની નિકાસનો સૌથી મોટો સિંગલ પ્રાપ્તકર્તા ભારત હતો, જે લગભગ 30 ટકા જેટલો હતો.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ‘રણજી ટ્રોફી 2023-24’ વિજેતા ટીમનું નામ શું છે ?

(A) સૌરાષ્ટ્ર (B) મુંબઈ (C) વિદર્ભ (D) કર્ણાટક **(B)**

2. મુંબઈએ કઈ ટીમને પરાજય આપીને 2023-24ની રણજી ટ્રોફીની ટુર્નામેન્ટ જીતી છે ?

(A) વિદર્ભ (B) સૌરાષ્ટ્ર (C) રાજસ્થાન (D) આંધ્રપ્રદેશ **(A)**

3. રણજી ટ્રોફીમાં સૌથી વધુ 42 વખત કઈ ટીમ વિજેતા બની છે ?

(A) મુંબઈ (B) ગુજરાત (C) વિદર્ભ (D) હરિયાણા **(A)**

4. તાજેતરમાં ભારતીય ચૂંટણી પંચ (ECI)માં અન્ય બે મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી વિરેન્દર સિંહ અને શ્રી મુકેશ કુમાર

(B) શ્રી વિજય નેહરા અને શ્રી અનિકેત જૈન

(C) શ્રી સુખબીર સિંહ સંધુ અને જ્ઞાનેશ કુમાર

(D) શ્રી રાજીવ શુકલા અને શ્રી સિંદ્ધાંશુ મહેતા **(C)**

5. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા SIPRI રિપોર્ટ અનુસાર કયો દેશ 2019 થી 2023 સુધી વિશ્વનો સૌથી મોટો હથિયાર આયાતકાર દેશ રહ્યો છે ?

(A) ચીન (B) ભારત (C) પાકિસ્તાન (D) યુક્રેન **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# NEWS IN SHORTS

## ગુજરાત

➤ **ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહ 2024**



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ તથા કલર્સ ગુજરાતીના સંયુક્ત ઉપક્રમે અમદાવાદના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારોહ–2024નું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ 2020, 2021 અને 2022ની ફિલ્મો માટે આશરે 1 કરોડ થી 16 લાખ રૂપિયા જેટલી રકમના પુરસ્કાર મળવા બદલ મુખ્યમંત્રીશ્રીએ તમામ કલાકારોને અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીના હસ્તે શ્રેષ્ઠ અભિનેતા અને શ્રેષ્ઠ અભિનેત્રી સહિત વિવિધ કેટેગરીના એવોર્ડ્સ વિતરણ કરવામાં આવ્યા હતા. જેમાં શ્રેષ્ઠ અભિનેતા તરીકે વર્ષ 2020 માટે મલ્હાર ઠાકોર (ગોળ કેરી), 2021 માટે આદેશ સિંઘ તોમર (ડ્રામેબાજ) અને 2022 માટે યશ સોની (ફક્ત મહિલાઓ માટે)ને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. એજ રીતે, શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે વર્ષ 2020 માટે કિંજલ રાજપ્રિયા (કેમ છો ?), વર્ષ 2021 માટે ડેનિશા ગુમરા (ભારત મારો દેશ છે) અને વર્ષ 2022 માટે આરોહી પટેલ (ઓમ મંગલમ સિંગલમ)ને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.






ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **અમૃત ભારત સ્ટેશન યોજનામાં 46 રેલવે સ્ટેશન અને 136 જેટલા રેલવે ઓવરબ્રિજ-અંડરબ્રિજને નવા રૂપરંગ**



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમૃત ભારત સ્ટેશન યોજના અન્વયે દેશભરના 500થી વધુ રેલવે સ્ટેશન અને 1500 ઉપરાંત રેલવે અંડરબ્રિજ–ઓવરબ્રિજના ઈ–ખાતમુહૂર્ત અને ઈ–લોકાર્પણ તથા રિ–ડેવલપમેન્ટ કાર્યો વર્ચ્યુઅલ માધ્યમથી સંપન્ન કરાવ્યા હતા. ગુજરાતના 46 રેલવે સ્ટેશન અને 130 જેટલા અંડરબ્રિજ–ઓવરબ્રિજનો આ યોજના અન્વયે સમાવેશ કરવામાં આવેલો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમદાવાદ રેલવે સ્ટેશને યોજાયેલા સમારોહમાં સહભાગી થયા હતા. અમદાવાદ રેલવે સ્ટેશનના રૂ.2,379 કરોડના રિ–ડેવલપમેન્ટ કામો સહિત રૂ.3,487 કરોડથી વધુની રકમના કામો ગુજરાતને મળ્યા છે.

## ભારત

➤ **નેશનલ ક્રિએટર્સ એવોર્ડ**




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 8 માર્ચ, 2024ના રોજ નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે નેશનલ ક્રિએટર્સ એવોર્ડ્સ અર્પણ કર્યા હતા. કહાની સંભળાવવી, સામાજિક પરિવર્તનની હિમાયત, પર્યાવરણીય ટકાઉપણુ, શિક્ષણ, ગેમિંગ સહિત 20 શ્રેણીઓમાં યુવા પ્રતિભાને ઓળખવા માટે એવોર્ડ આપવામાં આવ્યા હતા. 20 કેટેગરીમાં 1.5 લાખથી વધુ નોમિનેશન પ્રાપ્ત થયા હતા, જેમાંથી લગભગ 10 લાખ વોટ ડિજિટલ સર્જકો માટે પડ્યા હતા. પુરસ્કારો વિવિધ ક્ષેત્રોમાં કૌશલ્ય, શ્રેષ્ઠતા અને પ્રભાવને માન્યતા આપે છે. કેટલાક નોંધપાત્ર વિજેતાઓ આ મુજબ છે : (1) સામાજિક પરિવર્તન માટે શ્રેષ્ઠ સર્જક : જયા કિશોરી, (2) શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય નિર્માતા : ડ્રુ હિક્સ, (3) ડિસરપ્ટર ઓફ ધ યર : રણવીર અલ્લાહબાદિયા, (4) વર્ષના સેલિબ્રિટી નિર્માતા : અમન ગુપ્તા, (5) ફેવરિટ ટ્રાવેલ મેકર : કામિયા જાની, (6) Most Creative Creator (Male) : આર.જે રોનક, (7) Most Creative Creator (Female) : શ્રદ્ધા જૈન

➤ **મહતારી વંદન યોજના : છત્તીસગઢ**

મહિલા સશક્તિકરણ તરફ એક પગલું ભરતા વડાપ્રધાનશ્રીએ તાજેતરમાં છત્તીસગઢમાં મહતારી વંદન યોજના શરૂ કરી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય મહિલાઓના આર્થિક સશક્તિકરણને સુનિશ્ચિત કરવાનો, તેમને નાણાકીય સુરક્ષા પ્રદાન કરવાનો, લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવાનો અને પરિવારોમાં તેમની નિર્ણાયક ભૂમિકાને મજબૂત કરવાનો છે. 1 જાન્યુઆરી, 2024ના રોજ 21 વર્ષથી ઉપરની તમામ પરણિત મહિલાઓ, જેમાં વિધવાઓ, છૂટા છેડા લીધેલી અને ત્યજી દેવાયેલી મહિલાઓનો સમાવેશ થાય છે. તેઓ આ યોજનાનો લાભ મેળવવા માટે પાત્ર છે. યોજના હેઠળ છત્તીસગઢમાં પાત્ર પરિણીત મહિલાઓને પ્રત્યક્ષ લાભ ટ્રાન્સફર દ્વારા દર મહિને રૂ.1000ની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે.

➤ **સુશ્રી સુધા મુર્તિ રાજ્યસભા માટે નામાંકિત**



8 માર્ચ, 2024ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેરાત કરી હતી કે ભારતીય શિક્ષક, લેખિકા અને પરોપકારી સુધા મૂર્તિને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા રાજ્યસભા માટે નામાંકિત કરવામાં આવ્યા છે. તે દેશના વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિત્વના મહત્ત્વ અને રાજકીય નિર્ણય લેવામાં મહિલાઓની ભૂમિકાને રેખાંકિત કરે છે. ઈન્ફોસિસના સ્થાપક નારાયણ મૂર્તિની પત્ની સુશ્રી સુધા મૂર્તિ કન્નડ અને અંગ્રેજીમાં પ્રસિદ્ધ લેખિકા છે. તેમણે નવલકથાઓ, તકનીકી પુસ્તકો અને પ્રવાસવર્ણનો લખ્યા છે અને તેમના પરોપકારી પ્રયાસો વ્યાપક છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **સંશોધિત પ્રધાનમંત્રી-સુર્ય ઘર મફત વીજળી યોજના**



કેન્દ્રએ કુલ રૂ.75,021 કરોડના ખર્ચ સાથે પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજનાનું વિસ્તરણ કર્યુ છે. મૂળરૂપે આ યોજના હેઠળ 1 કરોડ ઘરોમાં 1-3 કિલોવોટ (KW) ક્ષમતાની સૌર ઊર્જા સ્થાપિત કરવા માટે સંપૂર્ણ સબસિડી આપવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ હાલમાં યોજના હેઠળ કુલ ખર્ચના 60% માટે સબસિડી આપવામાં આવશે. અને બાકીનો ખર્ચ સંબંધિત પરિવારોએ પોતે ચૂકવવાનો રહેશે. તથા સોલાર પાવર ઈન્સ્ટોલ કરવાનો ખર્ચ પણ લોન દ્વારા ચૂકવી શકાય છે. આ યોજના દ્વારા દર મહિને 300 યુનિટ સુધી મફત વીજળી પૂરી પાડવાની કલ્પના કરવામાં આવી છે, જેનાથી પરિવારોને વાર્ષિક રૂ. 15,000-18,000નો લાભ મળશે.

➤ **ભારતે EFTA બ્લોક સાથે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા**

તાજેતરમાં ભારતે યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન (EFTA) સાથે ઐતિહાસિક મુક્ત વેપાર (FTA) પર હસ્તાક્ષર કર્યા છે, જેમાં સ્વિત્ઝર્લેન્ડ, નોર્વે, લિકટેંસ્ટાઈન અને આઈસલેન્ડનો સમાવેશ થાય છે. વેપાર અને આર્થિક ભાગીદારી કરાર (TEPA) આર્થિક વૃદ્ધિને વેગ આપશે, રોજગારીની તકોનું સર્જન કરશે અને ભારતમાં નોંધપાત્ર વિદેશી રોકાણ આકર્ષશે તેવી અપેક્ષા છે. EFTA એ એક આંતર સરકારી જૂથ છે જેનો ઉદ્દેશ્ય મુક્ત વેપારને પ્રોત્સાહન આપવા અને તીવ્ર બનાવવાનો છે. યુરોપિયન યુનિયન (EU)માં જોડાવા માંગતા ન હોય તેવા રાજ્યો માટે તે એક વિકલ્પ તરીકે સેવા આપી હતી. EFTA દેશો યુરોપિયન યુનિયનનો ભાગ નથી અને ભારત 27-રાષ્ટ્રોના જૂથ સાથે એક અલગ વ્યાપક મુક્ત કરાર પર વાટાઘાટો કરી રહ્યું છે. કરારના ભાગરૂપે EFTA દેશો આગામી 15 વર્ષમાં ભારતમાં 100 બિલિયન ડોલરનું રોકાણ કરવા માટે પ્રતિબદ્ધ છે, જે દેશમાં 10 લાખ નોકરીઓનું સર્જન કરશે તેવી અપેક્ષા છે. TEPA નોંધપાત્ર ટેરિફ ઘટાડા તરફ દોરી જશે, માર્કેટ એક્સેસમાં વધારો કરશે અને ભારત તથા EFTA દેશો વચ્ચે કસ્ટમ પ્રક્રિયાઓને સરળ બનાવશે. EFTA દેશો ભારતમાં મોટા ગ્રોથ માર્કેટમાં પ્રવેશ મેળવશે, તેમની કંપનીઓને તેમની સપ્લાય ચેઈનને વૈવિધ્યકરણ અને મજબૂત કરવાની મંજૂરી આપશે.

➤ **ભારતને પ્રતિષ્ઠિત મીઝલ્સ અને રૂબેલા ચેમ્પિયન એવોર્ડ મળ્યો**

આ ચેપી રોગો સામે લડવામાં અસાધારણ પ્રયાસો બદલ ભારતને પ્રતિષ્ઠિત મીઝલ્સ અને રૂબેલા ચેમ્પિયન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે, 6 માર્ચ, 2024ના રોજ વોશિંગ્ટન ડી.સી., યુએસએમાં અમેરિકન રેડ ક્રોસ હેડક્વાર્ટર ખાતે ધ મીઝલ્સ એન્ડ રૂબેલા પાર્ટનરશિપ દ્વારા આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **સર્પદંશ નિવારણ અને નિયંત્રણ**

તાજેતરમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે 'વન હેલ્થ' અભિગમ હેઠળ સર્પદંશના નિવારણ અને નિયંત્રણ માટે રાષ્ટ્રીય કાર્ય યોજના (NAP-SE) શરૂ કરી છે. NAP-SE ભારતમાં સાપના ડંખના ઝેરના સંચાલન, નિવારણ અને નિયંત્રણ માટે એક વ્યાપક માળખું પૂરું પાડે છે. આ NEP-SE સર્પદંશથી થતા મૃત્યુની સંખ્યાને અડધી કરવાની વૈશ્વિક માંગને વહેંચે છે અને તમામ સંબંધિત હિસ્સેદારોની વ્યૂહાત્મક ઘટકો, ભૂમિકાઓ અને જવાબદારીઓની પરિકલ્પના કરે છે. તેનું લક્ષ્ય 2030 સુધીમાં મૃત્યુ અને અપંગતાના કેસોની સંખ્યા અડધી કરવા માટે સર્પદંશને અટકાવવાનો અને નિયંત્રણ કરવાનો છે.

## વિશ્વ

➤ **યાઉંડે ઘોષણા (Yaounde Declaration)**



તાજેતરની યાઉંડે ઘોષણા મેલેરિયા સામેની લડાઈમાં એક મહત્ત્વપૂર્ણ સિમાચિન્હરૂપ છે, કારણ કે 11 આફ્રિકન દેશોના આરોગ્ય મંત્રીઓએ મેલેરિયાના મૃત્યુને સમાપ્ત કરવાનો સંકલ્પ લીધો હતો. વૈશ્વિક સ્તરે મેલેરિયાના કુલ કેસોની સંખ્યા 2019માં 233 મિલિયનથી વધીને 2022માં 249 મિલિયન થવાનો અંદાજ છે. આફ્રિકામાં આ સમયગાળા દરમિયાન મેલેરિયાના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો , જે 233 મિલિયન કેસ સુધી પહોંચી ગયો છે. વૈશ્વિક મેલેરિયાના 94% કેસ અને 95% મેલેરિયા સંબંધિત મૃત્યુ આફ્રિકામાં થાય છે. જ્યારે WHOની આફ્રિકા ક્ષેત્રમાં મેલેરિયા સામેની પ્રગતિ અટકી ગઈ છે, ત્યારે યાઉન્ડે કોન્ફરન્સમાં હાજરી આપનાર 11 આફ્રિકન દેશો વૈશ્વિક મેલેરિયાના બોજના 70% કરતા વધુ હિસ્સો ધરાવે છે. આ ઘોષણાનો ઉદ્દેશ્ય આરોગ્ય માળખાને મજબૂત કરવાનો, કર્મચારીઓની ક્ષમતાને વિસ્તૃત કરવાનો અને કાર્યક્રમના અમલીકરણને વધારવાનો છે.

➤ **ફ્રાન્સમાં 'મૃત્યુમાં સહાય'ને કાયદેસર બનાવવાનો કાયદો**

ફ્રાન્સ 'સહાયિત મૃત્યુ' (Assisted Dying) તરીકે ઓળખાતા સહાયિત મૃત્યુના સ્વરૂપને કાયદેસર બનાવવાનું વિચારી રહ્યું છે. થોડા સમય પહેલા જ ફ્રાન્સે ગર્ભપાતને બંધારણમાં સ્થાન આપ્યું હતું. પ્રસ્તાવિત બિલમાં કડક શરતો હશે જેના હેઠળ અસાધ્ય રોગોથી પીડિત વ્યક્તિઓને સહાય પૂરી પાડવામાં આવશે જે ટૂંકા અથવા મધ્યમ ગાળામાં મૃત્યુ તરફ દોરી શકે છે. ફ્રાન્સે પહેલાથી જ નિષ્ક્રિય ઈચ્છામૃત્યુને મંજૂરી આપી છે. સહાયિત મૃત્યુમાં એવા લોકોનો સમાવેશ થાય છે જેઓ ગંભીર રીતે બીમાર છે અને ઘાતક દવાઓ મેળવવા માટે તબીબી મદદ લે છે, જે બાદમાં તેઓ પોતાનું જીવન સમાપ્ત કરવા માટે લે છે. તે સામાન્ય રીતે ત્યારે થાય છે, જ્યારે દર્દીઓ અંતિમ બિમારીને કારણે અસહ્ય વેદના અનુભવતા હોય અને તેમના મૃત્યુના સમય અને રીત પર નિયંત્રણ ઈચ્છતા હોય. સહાયિત મૃત્યુનો પ્રાથમિક તફાવત એ છે કે વ્યક્તિઓ તબીબી વ્યાવસાયિકોની સહાયથી તેમના જીવનનો અંત લાવવામાં સક્રિયપણે ભાગ લે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં 'એગ્રીકલ્ચર ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર'નું ઉદ્‌ઘાટન કયાં કરવામાં આવ્યું હતું ? – નવી દિલ્હી
2. 'જળ શક્તિ અભિયાન : કેચ ધ રેઈન 2024' અભિયાનની થીમ શું છે ? – નારી શક્તિ સે જલ શક્તિ
3. તાજેતરમાં સમાચારોમાં જોવા મળેલ 'ગલ્ફ ઓફ ટોંકિન ઈન્સીડેન્ટ' કોની સાથે સંબંધિત છે ? – વિયેતનામ યુદ્ધ (ચીને વિયેતનામ સાથે વહેંચાયેલ વિસ્તાર ટોંકિનના ઉત્તરીય અખાતમાં સત્તાવાર રીતે નવા પ્રાદેશિક દાવાઓ જાહેર કર્યા છે, અર્ધચંદ્રકાર આકારનો અખાત દક્ષિણ ચાઈના સમુદ્રમાં સ્થિત છે)
4. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલ 'ઈન્ફ્લેકશન 2.5' શું છે ? – લાર્જ લેંગ્વેજ મોડલ
5. તાજેતરમાં સમાચારમાં રહેલ 'Yaounde ઘોષણા' નીચેનામાંથી કયા મુદ્દા સાથે સંકળાયેલ છે ? – મેલેરિયા નાબૂદી
6. તાજેતરમાં કયા કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા ઓલ–વૂમન મેરીટાઈમ સર્વેલન્સ મિશન હાથ ધરવામાં આવ્યું હતું ? – આંદામાન અને નિકોબાર
7. તાજેતરમાં સમાચારમાં રહેલ 'કાર્મોઈસીન, ટાર્ટાઝિન અને રોડામાઈન' શું છે ? – ફૂડ કલરિંગ એજન્ટ્સ
8. તાજેતરમાં પ્રથમ ભારત સ્ટીમ બોઈલર એક્સ્પો 2024 કયાં શરૂ થયો છે ? – ગુવાહાટી
9. કઈ કંપની તેના પેસેન્જર અને કોમર્શિયલ વ્હીકલ બિઝનેસને બે અલગ–અલગ લિસ્ટેડ એન્ટિટીમાં ડિમર્જ કરવાની યોજના બનાવી રહી છે ? – ટાટા મોટર્સ
10. વિશ્વની પ્રથમ જેટ સૂટ રેસનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ? – દુબઈ
11. 2G PESA પ્રાદેશિક પરિષદનું ઉદ્‌ઘાટન કયાં થયું હતું ? – રાંચી
12. આયર્લેન્ડે કયા દેશ સામે તેમની પ્રથમ ક્રિકેટ ટેસ્ટ જીત મેળવી છે ? – અફઘાનિસ્તાન
13. વિશ્વનો સૌથી મોટો સાહિત્ય ઉત્સવ 'સાહિત્યોત્સવ' કયાં યોજાશે ? – નવી દિલ્હી
14. ઉત્તર ભારતની પ્રથમ સરકારી હોમિયોપેથિક કોલેજ કયાં સ્થાપવામાં આવશે ? – જમ્મુ અને કાશ્મીર
15. ભારતની પ્રથમ પેરાલિમ્પિક સમિતિના નવા પ્રમુખ તરીકે કોની પસંદગી કરવામાં આવી છે ? – દેવેન્દ્ર ઝાઝરિયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

16. પશુઓની દાણચોરી સામે લડવા માટે પોલીસે કયા ભારતીય પ્રદેશમાં 'ઓપરેશન કામધેનુ' શરૂ કર્યુ હતું ?

– જમ્મુ અને કાશ્મીર

17. કેન્દ્રીય મંત્રી શ્રી અર્જુન મુંડાએ રાષ્ટ્રીય ડેરી મેળા અને કૃષિ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કયા રાજ્યમાં કર્યુ હતું ?– ઝારખંડ

18. સેલા ટનલ પ્રોજેક્ટનું વર્ચ્યુઅલ રીતે ઉદ્‌ઘાટન ભારતના કયા રાજ્યમાં થયું હતું ? – અરૂણાચલ પ્રદેશ

19. 2014 થી 2024 સુધીના દાયકાના અંતે વૈશ્વિક મોબાઈલ ફોન ઉત્પાદનના સંદર્ભમાં ભારતે કયું સ્થાન હાંસલ કર્યુ ?

– બીજું

20. કયા એરપોર્ટે સતત છઠ્ઠા વર્ષે એશિયા–પેસિફિકમાં 'શ્રેષ્ઠ એરપોર્ટ'નો ખિતાબ મેળવ્યો છે ?

– ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ

21. કલ્યાણકારી કાર્યક્રમોના અમલીકરણની સમીક્ષા, કરવાના હેતુથી કયા રાજ્યએ 'નીંગલ નલામા' યોજના શરૂ કરી છે ? – તમિલનાડુ

22. સેન્ટ્રલ વિજિલન્સ કમિશનમાં તકેદારી કમિશનર તરીકે કોની નિમણૂક કરવામાં આવી હતી ? – એ.એસ.રાજીવ

23. કઈ કંપનીએ IDEX હેઠળ રૂ.200 કરોડથી વધુ મૂલ્યોનો સૌથી મોટો એન્ટી–ડ્રોન ટેક ઓર્ડર મેળવ્યો છે ?

– બિગ બેંગ બૂમ સોલ્યુશન્સ (BBBS)

24. ભારતનું સૌથી ઝડપી સ્વદેશી ડિઝાઈન કરેલ IP/MPLS રાઉટર કયાં લોન્ચ કરવામાં આવ્યું હતું ? – બેંગ્લુરુ

25. ભારતના કયા રાજ્યમાં NGELએ રિન્યુએબલ એનર્જી અને ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ્સ વિકસાવવા માટે RVUNL સાથે MoU પર હસ્તાક્ષર કર્યા હતા ? – રાજસ્થાન

26. રિકેન યામામોટોએ કયા ક્ષેત્રમાં 2024 પ્રિત્ઝર પુરસ્કાર જીત્યો છે ? – આર્કિટેક્ચર

27. તાજેતરમાં કયા દેશમાં વિશ્વની પ્રથમ 3D-પ્રિન્ટેડ મસ્જિદ બનાવવામાં આવી છે ? – સાઉદી અરેબિયા

28. તાજેતરમાં _____ રાજ્ય સરકારે કોટન કેન્ડી અને ગોબી મંચુરિયન જેવી લોકપ્રિય ખાદ્ય ચીજોમાં હાનિકારક કલરિંગ એજન્ટોના ઉપયોગ પર પ્રતિબંધની જાહેરાત કરી છે. – કર્ણાટક

29. તાજેતરમાં કયા ભારતીય લેખકે ઈરેસ્મસ પ્રાઈઝ 2024 જીત્યું છે ? – અમિતાવ ઘોષ

30. બ્લૂ લાઈન શબ્દ તાજેતરમાં ચર્ચામાં હતો, તે નીચેનામાંથી કયા બે દેશની સરહદો વચ્ચે સંકળાયેલ છે ?

– લેબનોન અને ઈઝરાયેલ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

31. તાજેતરમાં કયા દેશમાં સંશોધકોએ 8 આંખો અને 8 પગ સાથેના વીંછીની નવી પ્રજાતિની શોધ કરી છે ?
– થાઈલેન્ડ

32. તાજેતરમાં કઈ યુનિવર્સિટીએ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુને ડોક્ટર ઓફ સિવિલ લો ની માનદ પદવી એનાયત કરી હતી ?
– મોરેશિયસ યુનિવર્સિટી

33. ઈન્ડિયન સુગર એન્ડ બાયો–એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (ISMA)ના નવા ડિરેક્ટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
– દીપક બલ્લાની

34. 2024માં કટલાસ એક્સપ્રેસ-24 (CE-24) ક્યાં યોજવામાં આવી હતી ?
– સેશેલ્સ

35. કઈ સંસ્થાએ મતદાન પ્રક્રિયાઓ પર અધિકૃત માહિતી પ્રદાન કરવા માટે ભારતના ચૂંટણી પંચ (ECI) સાથે સહયોગ કર્યો છે ?
– Google

36. તાજેતરમાં કેન્દ્રીય મંત્રી ડો.જીતેન્દ્રસિંહ દ્વારા 'રાષ્ટ્રીય ગતિ સંવર્ધન પાક સુવિધા'નું ઉદ્‌ઘાટન કયાં કરવામાં આવ્યું હતું ?
– મોહાલી

37. ટાટા મોટર્સ ભારતના કયા રાજ્યમાં રૂ.9,000 કરોડનું ઉત્પાદન એકમ સ્થાપવાનું આયોજન કરી રહી છે ?
– તમિલનાડુ

38. નીતિ આયોગની પહેલનું નામ શું છે જેનો ઉદ્દેશ્ય ગ્રાસરૂટ એન્ટપ્રિન્યોરશિપને સશક્ત બનાવવા અને સ્થાનિક અર્થતંત્રોને પ્રોત્સાહન આપવાનો છે ?
– લોકલ ફોર વોકલ

39. રાષ્ટ્રીય પાઈ દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ?
– 14 માર્ચ

40. ભારતીય નૌકાદળ દ્વારા શરૂ કરાયેલા 'અગ્રે' અને 'અક્ષય' જહાજોનો પ્રાથમિક હેતુ શું છે ?
– સબમરીન વિરોધી યુદ્ધ

41. 'વિશ્વ કિડની દિવસ' ક્યારે ઉજવવામાં આવે છે ?
– 14 માર્ચ

42. કઈ બેંકે બોબ અર્થ ગ્રીન ટર્મ ડિપોઝીટ સ્કીમ શરૂ કરી છે ?
– બેંક ઓફ બરોડા

43. ભારતની કઈ રાજ્ય સરકારે બાજરીના ઉત્પાદનને વેગ આપવા માટે મફત બિયારણ કીટનું વિતરણ કરવાની જાહેરાત કરી છે ?
– રાજસ્થાન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT